dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર... અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 10 | AD - 2024, Aaso Sud - 07 | Thursday, Dt.10-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### મુસ્લિમની જાતિની વાત આવે ત્યારે કોંગ્રેસનું મોઢુ બંધ થઈ જાય છે

# કોંગ્રેસ હિન્દુ સમાજને આગમાં રાખવા માંગે છે : પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ)નવીદિલ્હી,તા.૦૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું કે જ્યારે મુસ્લિમ જાતિની વાત આવે છે ત્યારે કોંગ્રેસનું મોં બંધ થઈ જાય છે, પરંતુ જ્યારે હિન્દુ સમાજની વાત આવે છે ત્યારે તે જાતિથી જ ચર્ચા શરૂ કરે છે કારણ કે તે જાણે છે કે જેટલા હિંદુઓ વિભાજિત થશે, તેનો લાભ મળશે. વડાપ્રધાન મોદીએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ કોઈપણ રીતે હિંદુ સમાજને આગમાં રાખવા માંગે છે અને ભારતમાં જ્યાં પણ ચૂંટણી થાય છે ત્યાં તે આ જ ફોર્મ્યુલા લાગુ કરે છે. મહારાષ્ટ્રમાં રૂ. ૭,૬૦૦ કરોડથી વધુના ખર્ચની વિવિધ વિકાસ યોજનાઓનો વીડિયો કોન્ફરન્સ દ્વારા શિલાન્યાસ કર્યા બાદ તેમના સંબોધનમાં મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રાજ્યના લોકો 'સમાજને તોડવા'ના આ પ્રયાસને નિષ્ફળ બનાવશે. આ સરકારી કાર્યક્રમમાં, તેમણે મહારાષ્ટ્રના લોકોને દેશના વિકાસને સર્વોપરી રાખવા અને ભારતીય જનતા પાર્ટી અને તેની ગઠબંધન 'મહાયુતિ'ની તરફેણમાં એકજૂથ થઈને મત આપવા અપીલ કરી હતી. હરિયાણાના ચૂંટણી પરિણામોનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું કે આનાથી જણાઈ આવે છે કે આજે દેશનો મૂડ કેવો છે. તેમણે કહ્યું, "કોંગ્રેસની સમગ્ર ઈકોસિસ્ટમ અને શહેરી નક્સલીઓની આખી ટોળકી જનતાને ગેરમાર્ગે દોરવામાં વ્યસ્ત હતી પરંતુ તેમના તમામ કાવતરાઓને નિષ્ફળ બનાવી દેવામાં આવ્યા હતા. તેણે દલિતોમાં જૂઠાણું ફેલાવવાનો પ્રયાસ કર્યો પરંતુ દલિત સમાજે તેના ખતરનાક ઈરાદાઓને



સમજી લીધા. દલિતો સમજી ગયા કે કોંગ્રેસ તેમની અનામત છીનવીને તેમની વોટબેંકમાં ભાગલા પાડવા માંગે છે.

તેમણે કહ્યું કે હરિયાણાના દલિત વર્ગે ભાજપને રેકોર્ડ સમર્થન આપ્યું અને અન્ય પછાત વર્ગ (ઓબીસી)એ પણ વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે ખેડૂતો અને યુવાનોને 'ઉશ્કેરવામાં' કોઈ કસર છોડવામાં આવી નથી પરંતુ હરિયાણાના લોકોએ બતાવ્યું છે કે તેઓ હવે કોંગ્રેસ અને શહેરી નક્સલીઓના નફરતના ષડયંત્રનો ભોગ બનવાના નથી. વડાપ્રધાને કહ્યું, "કોંગ્રેસ સંપૂર્ણપણે સાંપ્રદાયિક અને જાતિવાદના આધારે ચૂંટણી લડે છે. કોંગ્રેસની રાજનીતિનો આધાર હિંદુ સમાજને તોડીને પોતાની જીતની ફોર્મ્યુલા બનાવવાનો છે. કોંગ્રેસ ભારતની 'સર્વજન હિતાય-સર્વજન સુખાય'ની પરંપરાને દબાવી રહી છે, તે સનાતન પરંપરાને દબાવી રહી છે. તેમણે કહ્યું, "કોંગ્રેસની નીતિ હિન્દુઓની એક જાતિને બીજી જાતિ સામે લડાવવાની છે. કોંગ્રેસ જાણે છે કે જેટલા હિંદુઓ વિભાજિત થશે તેટલો ફાયદો થશે. કોંગ્રેસ કોઈપણ રીતે હિન્દુ સમાજને આગમાં રાખવા માંગે છે, જેથી તે તેના પર રાજકીય રોટલા શેકતી રહી શકે. ભારતમાં જ્યાં પણ ચૂંટણીઓ યોજાય છે, કોંગ્રેસ એક જ ફોર્મ્યુલા લાગુ કરે છે." વડાપ્રધાને આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ, જે હંમેશા 'ભાગલા પાડો અને સત્તા મેળવો'ના સૂત્રને અનુસરે છે. તેણે કહ્યું, "તે હજુ પણ દેશના ભાગલા પાડવા માટે નવી વાર્તાઓ બનાવી રહી છે. આજ સુધી કોંગ્રેસના એક પણ નેતાએ કહ્યું નથી કે આપણા મુસ્લિમ ભાઈ-બહેનોમાં કેટલી જાતિઓ છે. જ્યારે મુસ્લિમ જાતિની વાત આવે છે ત્યારે કોંગ્રેસના નેતાઓ મોઢું બંધ કરીને બેસી જાય છે. મોદીએ કહ્યું કે, મને વિશ્વાસ છે કે મહારાષ્ટ્રના લોકો આજે સમાજને તોડવાના પ્રયાસોને નિષ્ફળ બનાવશે. મહારાષ્ટ્રના લોકોએ સંગઠિત થઈને ભાજપ અને મહાયુતિને મત આપવાનો છે, આગામી મહિને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં દેશના વિકાસને સર્વોપરી રાખીને મતદાન કરવાનું છે.

### ગ્વાલિયરમાં રેલવે ટ્રેક પર લોખંડના સળિયા મૂકવામાં આવ્યા હતા

# યુપી અને એમપીમાં ફરી ટ્રેન ઉથલાવવાનું ષડયંત્ર

નવીદિલ્હી,તા.૦૯

મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ફરી એકવાર ટ્રેનને ઉથલાવવાના કાવતરાનો મામલો સામે આવ્યો છે. મંગળવારે ગ્વાલિયરમાં રેલવે ટ્રેક પર લોખંડના સળિયા પડ્યા હોવાનું જાણવા મળ્યું હતું. માલગાડીના ચાલકની સતર્કતાને કારણે અકસ્માત ટળી ગયો હતો. મળતી માહિતી મુજબ, મોડી રાત્રે ગ્વાલિયરના બિરલાનગર સ્ટેશન પાસે ગુડ્સ ટ્રેનના પાટા પર લોખંડના સળિયા પડ્યા હતા. આ જ ટ્રેક પર એક માલગાડી આવી રહી હતી પરંતુ તે સમયસર બંધ થઈ ગઈ



હતી. જેના કારણે ટ્રેન પાટા પરથી ઉતરતી બચી હતી. આરપીએફ અને જીઆરપીએ આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. આરોપી સામે કેસ નોંધવામાં આવ્યો છે. નજીકના સીસીટીવી ફૂટેજ પણ જોવામાં આવી રહ્યા છે. હાલ પોલીસને હજુ સુધી કોઈ સુરાગ મળ્યો નથી. બીજી તરફ યુપીમાં ફરી એકવાર ટ્રેનને ઉથલાવવાના કાવતરાનો મામલો સામે આવ્યો છે. રેલવે રાજ્ય મંત્રી રવનીત સિંહે કહ્યું હતું કે દેશમાં તાજેતરમાં થયેલા રેલવે અકસ્માતોની તપાસમાં કેટલીક ખતરનાક બાબતો અને ષડયંત્ર સામે આવ્યા છે.

# મહાકુંભમાં દારૂ પીનારા, માંસાહારી પોલીસ કર્મીઓને ફરજ નહી સોંપાય

લખનૌ,તા.૦૯

દારૂ પીનારા અને માંસાહારી ખોરાક લેતા પોલીસ કર્મીઓને પ્રયાગરાજ મહાકુંભમાં ફરજ પર મૂકવામાં આવશે નહીં. ડીજીપી હેડક્વાર્ટરએ તમામ કમિશનરેટ અને રેન્જને પ્રયાગરાજ મોકલવામાં આવતા પોલીસ દળને લઈને આના પર વિશેષ ધ્યાન આપવા જણાવ્યું છે. એવું પણ કહેવાય છે કે તેમની પ્રામાણિકતા, છબી, સામાન્ય પ્રસિદ્ધિ અને આચાર સારો હોવો જોઈએ. આ ઉપરાંત પોલીસ કર્મીઓની વય મર્યાદા અંગે પણ માર્ગદર્શિકા આપવામાં આવી છે. આ સિવાય ડીજીપી હેડક્વાર્ટર દ્વારા ૧૫ પીપીએસ અધિકારીઓને એસપી કુંભ મેળા વિસ્તાર સાથે મહાકુંભ માટે જોડવામાં આવ્યા છે. આ તમામને ૧૫મી ઓક્ટોબર સુધીમાં પ્રયાગરાજ જવાનો આદેશ આપવામાં આવ્યો છે.









# આરબીઆઈ લોન પરના અમુક ચાર્જને નાબૂદ કરશે : શક્તિકાંત દાસ

મુંબઈ,તા.૦૯

આરબીઆઈની એમપીસી બેઠકમાં એમપીસીની બેઠકના સભ્યોએ લોન પરના કેટલાક ચાર્જને નાબૂદ કરવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈએ ફ્લોટિંગ રેટ ટર્મ લોનને બંધ કરવા પર ફોરક્લોઝર ચાર્જિસ અથવા પ્રી-પેમેન્ટ પેનલ્ટી નાબૂદ કરી છે. બેંકો અથવા એનબીએફસી ફ્લોટિંગ રેટ લોનને બંધ કરવા માટે લોન લેનારા ગ્રાહકો પાસેથી પેનલ્ટી અથવા ક્લોઝર ચાર્જ વસૂલવામાં સમર્થ હશે નહીં. આરબીઆઈની મોનેટરી પોલિસી મિટિંગમાં લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપતા ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે છેલ્લા ઘણા વર્ષોમાં રિઝર્વ બેંકે ગ્રાહકોના હિતોની સુરક્ષા માટે ઘણા પગલાં લીધા છે. આ હેઠળ, બેંક અથવા એનબીએફસીને વ્યવસાય સિવાયની વ્યક્તિગત કેટેગરી હેઠળ ફ્લોટિંગ રેટ ટર્મ લોન લેનારા ઋણધારકો પાસેથી લોન બંધ કરવા પર ફોરક્લોઝર ચાર્જિસ અથવા પ્રી-પેમેન્ટ પેનલ્ટી વસૂલવાની



મંજૂરી નથી. આનો અર્થ એ થયો કે હવે બેંકો અથવા NBFC આવી લોન પર ગ્રાહકો પાસેથી ફોરક્લોઝર ચાર્જ વસૂલ કરી શકશે નહીં. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે હવે આ ગ્રીડલાઈનને વધુ વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દિશાનિર્દેશો સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને અપાતી લોન પર પણ અસરકારક રહેશે. આનો અર્થ એ થયો કે માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝિસને આપવામાં આવતી ફ્લોટિંગ રેટ ટર્મ લોન પર પણ, બેંકો અને NBFC આગામી દિવસોમાં ફોરક્લોઝર ચાર્જિસ અથવા પ્રી-પેમેન્ટ પેનલ્ટી વસૂલ કરી શકશે નહીં. ટૂંક સમયમાં આ દિશામાં જાહેર પરામર્શ માટે એક ડ્રાફ્ટ પરિપત્ર બહાર પાડવામાં આવશે.










# ધારીનાં ચરખા ગરમલી ગામે પાણીની ટાંકીની દિવાલ પડતાં બાળકીનું મોત



અમરેલી, તા.૦૯

ધારી તાલુકાનાં ચરખા ગરમલી ગામે પાણીની ટાંકીની દિવાલ ધરાશાયી થતાં બાળકીનું કરૂણ મોત નિપજયું હતું. ધારી તાલુકાનાં ચરખા ગરમલી ગામે સીમ વિસ્તારમાં ફાર્મ હાઉસમાં પાણી સ્ટોરેજ ટાંકીની દિવાલ અચાનક જ ધરાશાયી થઈ હતી. દિવાલ પાસે રમતી બાળકી રીયા અશ્વિનભાઈ ડોડીયા(ઉ.વ.૨) દિવાલ નીચે આવી જતાં ૧૦૮ દ્વારા તાત્કાલિક બાળકીને ચલાલા સરકારી દવાખાને ખસેડવામાં આવી હતી. ડોકટરોએ બાળકીને તપાસતા મૃત જાહેર કરી હતી. બાળકીનાં મોતથી પરપ્રાંતીય પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ ઘટનાની જાણ થતાં ગ્રામજનો પણ સરકારી દવાખાને દોડી આવ્યા હતા.

# લાઠીનો હીરાણા-જુનવદર રોડ રૂા. ૩ કરોડ ૯૦ લાખના ખર્ચે નવો ડામર રોડ બનશે



લાઠી, તા.૦૯

લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા પોતાના વિધાનસભા વિસ્તારને વધારે વિકાસશીલ બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેઓના વિધાનસભા વિસ્તારના લોકોને રોડ રસ્તા કે બીજા વિકાસના કામો હોય સતત પ્રયાસો કરી રહ્યા છે ત્યારે તાજેતરમાં જનકભાઈ તળાવીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી. જે અન્વયે લાઠી તાલુકાના હીરાણા ગામથી બાબરા તાલુકાના જુનવદર ગામને જોડતો રોડ જિલ્લા હદ સુધી નવો ડામર રોડ રૂા.૩ કરોડ ૯૦ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવ્યો છે. આ તમામ નવા ડામર રોડના કામો મંજૂર થતા સ્થાનિક લોકો દ્વારા ખુશીની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાંસદ ભરતભાઈ સુતરીયાનો આભાર માનવામાં આવ્યો હતો.

# ખાંભા તાલુકામાં આરોગ્ય સુવિધાઓ વધારવા માંગ

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં આરોગ્ય સુવિધાઓ વધારવા માટે મહિલા બાળ અને વિકાસ પ્રવૃત્તિ, જિલ્લા પંચાયત અમરેલીના ચેરમેન નિતાબેન અરવિંદભાઈ ચાવડાએ રાજ્ય સરકારને આવેદનપત્ર મોકલ્યું છે. તેમણે માંગ કરી છે કે ખાંભા તાલુકામાં નવું આરોગ્ય કેન્દ્ર નંબર ૨ સ્થાપવામાં આવે અને તાલુકા બ્લોક ઓફિસરનું બિલ્ડિંગ બનાવવાની માંગ કરી છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, આ સુવિધાઓ ઘણા સમયથી તાલુકાના મકાનમાં ઉપલબ્ધ નથી. નવી સુવિધાઓની શરૂ કરવાથી સ્થાનિક લોકોને આરોગ્ય સેવાઓનો વધુ લાભ મળશે. ચાવડાએ આ માટે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીને વિનંતી કરી છે.

# બગસરા નાગરિક શ.સ. મંડળી દ્વારા સભાસદનાં વારસદારને ચેક અર્પણ



બગસરા, તા.૦૯

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા સભાસદનું આકસ્મિક અવસાન થતાં સભાસદનાં વારસદારને મંડળીનાં ડિરેકટર અને કર્મચારીનાં હસ્તે ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીનાં સભાસદ ચંદુભાઈ સરવૈયાનું અવસાન થતાં તેમના વારસદારને બાજપાઈ સહાય નિધિનો રૂા. ૨૫ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ચેક અર્પણ કરતા સમયે મંડળીનાં જનરલ એમ.ડી. નિતેષ ડોડીયા, ડિરેકટર પ્રકાશભાઈ ભરખડા, જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા, શાખા સેક્રેટરી હેમેન્દ્ર મહેતા હાજર રહ્યા હતા. તેમ આસિસ્ટન્ટ સેક્રેટરી પ્રવિણસિંહ રાઠોડની યાદીમાં જણાવાયું છે.

# ગજેરા સંકુલની વિદ્યાર્થિનીએ કુસ્તી સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું



અમરેલી,તા.૦૯

સોરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં કુસ્તી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અમરેલીના શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલની શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ **M.Sc.** મહિલા કોલેજમાં માઈક્રો બાયોલોજીનો અભ્યાસ કરી રહેલી વિદ્યાર્થિની ચૌહાણ કૃપા પરેશભાઈએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તેમની આ સિદ્ધિ બદલ સમગ્ર સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# ખારી સેવા સહકારી મંડળીનાં પ્રમુખનાં માતૃશ્રીનું નિધન થતાં સાંત્વના પાઠવતા આગેવાનો



અમરેલી, તા.૦૯

બગસરા તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન, ખારી ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ તેમજ સેવા સહકારી મંડળીના પ્રમુખ પરસોત્તમભાઈ રાખોલીયાના માતૃશ્રી જમનાબેનનું તા.૦૩ના રોજ નિધન થતાં અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓએ શ્રધ્ધાંજલિ પાઠવી હતી. આ તકે પરસોત્તમભાઈના નિવાસસ્થાને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ સાંત્વના પાઠવી હતી.

# અમરેલી પાણી દરવાજા સ્વામિનારાયણ મંદિરમાં રાસ રમતી બાળાઓને ઈનામ



અમરેલી, તા.૦૯

અમરેલીનાં પાણી દરવાજા પાસેના મુખ્ય સ્વામિનારાયણ મંદિરમાં નવરાત્રી પર્વમાં રાસ રમતી બાળાઓના અદ્‌ભૂત રાસ જોઈ પ્રભાવિત થઈ અમરેલી જેશીંગપરામાં રહેતા પૂજાબેન ડોબરીયાએ આ બાળાઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ વિતરણ કર્યું હતું.

# બગસરાનાં શાપર ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



બગસરા, તા.૦૯

બગસરા તાલુકાનાં શાપર ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેના ભાગરૂપે બગસરા તાલુકાનાં શાપર ગામે વિવિધ યોજનાઓ તેમજ વિધવા સહાય, આધારકાર્ડ અપડેટ, રેશનકાર્ડ સહિતના તમામ કામો માટે કુલ-૨૧૯૬ અરજીઓ આવેલ હતી. આ તમામ અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી નંદા, મામલતદાર આર.જી. ઝાલા સહિત વિવિધ ખાતાનાં અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાનાં અધ્યક્ષસ્થાને ભારત વિકાસની પ્રતિજ્ઞા લેવાઈ



અમરેલી,તા.૦૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજ્યની વણથંભી વિકાસયાત્રા શરુ કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ઓકટોબર-૨૦૨૪ની તા.૦૭ થી તા.૧૫ દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરુપે અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. જિલ્લા સેવા સદન ખાતે ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મયોગીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

# ધારી ગીર પૂર્વમાં વન્યપ્રાણી સપ્તાહની ભવ્ય ઉજવણી




ધારી,તા.૦૯

ધારી ગીર પૂર્વ વિસ્તારમાં વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી વનવિભાગ દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વન્યજીવોના સંવર્ધન અને સંરક્ષણ અંગે લોકજાગૃતિ ફેલાવવાનો હતો. ઉજવણીના ભાગરૂપે, ધારી સરસીયા રેન્જ દ્વારા કેસરી સદન લાઈનપરા ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સિંહ અને દીપડાની વીડિયોગ્રાફી બતાવવામાં આવી, જેના માધ્યમથી વન્યજીવોને બચાવવાની અપીલ કરવામાં આવી. આ કાર્યક્રમમાં સ્થાનિક શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વન વિભાગના કર્મચારીઓ અને સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.

નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# જરખીયા ગામમાં ૫૦ ફૂટ ઊંડા કૂવામાંથી ૩૬ વર્ષીય વ્યક્તિનો મૃતદેહ મળ્યો



અમરેલી, તા.૦૯

અમરેલી ફાયર કંટ્રોલ રૂમને એક ચોંકાવનારી માહિતી મળી. લાઠી પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા જાણ કરવામાં આવી કે અમરેલી જિલ્લાના જરખીયા ગામમાં આવેલ ઈશ્વરભાઈ રાજાભાઈ આસોદરીયાની વાડીના ૫૦ ફૂટ ઊંડા કૂવામાં કોઈ અજાણી વ્યક્તિ પડી ગઈ છે. આ માહિતી મળતાં જ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે કૂશળતાપૂર્વક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું અને કૂવામાંથી મૃતદેહને બહાર કાઢ્યો. પ્રાથમિક તપાસમાં મૃતક વ્યક્તિની ઓળખ પરેશભાઈ કેશુભાઈ વાઘેલા (ઉંમર ૩૬ વર્ષ) તરીકે થઈ છે, જેઓ ટોડા ગામના રહેવાસી હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લાઠી પોલીસને સોંપવામાં આવ્યો હતો. પોલીસે આ ઘટના અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# રૂા.આઠ કરોડના ખર્ચે ઢસા-દામનગર-ગારીયાધાર રોડ રિસર્ફેસના કામને મંજૂરી

લાઠી, તા.૦૯

ચોમાસામાં ગ્રામ્ય વિસ્તારના રોડ રસ્તાઓમાં મસમોટા ખાડા પડયા હોય જેનું રિપેરીંગ કરવા માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા સરકારમાં રજૂઆત કરાતાં રૂા. ૮ કરોડ જેટલી માતબર રકમથી ઢસા-દામનગર-ગારીયાધાર રોડ રિસર્ફેસ કરવાના કામને માર્ગ અને મકાન વિભાગ દ્વારા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.





અગાઉ જનકભાઈ તળાવીયા તેમજ સુતરીયાએ પોતાના મત વિસ્તારના રોડ રસ્તાઓ તાત્કાલિક રિસર્ફેસ થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ખૂબ જ ભારપૂવક રજૂઆત કરેલ, જે અન્વયે ૨૨/૮/૨૦૨૪ ના રોજ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂપિયા ૮ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે. આ રકમમાંથી ઢસા-દામનગર-ગારીયાધાર સુધીના કિ.મી.૧૨/૫૦ થી ૨૨/૯૦ રોડનું રિસર્ફેસીંગ, ગામતળ વિસ્તારમાં સી.સી.રોડની કામગીરી કરવામાં આવશે.

# રાજુલામાં યોગ એક કારકિર્દી વિષય પર વ્યાખ્યાન યોજાયું



રાજુલા, તા.૦૯

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજુલાની જે.એન. મહેતા હાઈસ્કૂલ ખાતે યોગ એક કારકિર્દી વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના રાજુલા તાલુકા કોચ ભૂમિબેન મજુકોડિયાએ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના આયોજનમાં બી.આર.સી. કો-ઓર્ડિનેટર અજયભાઈ ખુમાણ અને તાલુકા વોકેશનલ ટ્રેડ કો-ઓર્ડિનેટર વિજયભાઈ વાઝા તથા જોરુભાઈ વરુએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# મોણપુર ગામના પુરુષને 'તારે જ્યાં જવું હોય ત્યાં જા' કહી ગાળો આપી

**પત્ની બચાવવા વચ્ચે પડતાં તેને પણ માર માર્યો**

અમરેલી, તા.૦૯

અમરેલીના મોણપુર વાવડી ગામે રહેતા એક પુરુષને તારે જ્યાં જાવું હોય ત્યાં જા તેમ કહી ફટકાર્યો હતો. આ સમયે બચાવવા વચ્ચે પડેલી પત્નીને પણ માર માર્યો હતો. બનાવ અંગે મોણપુર ગામે રહેતા અશોકભાઈ નાનજીભાઈ સોંધરવા (ઉ.વ.૫૦)એ દદુભાઈ ડેરના પુત્ર, મુળભાઈ ડેરના પુત્ર તથા રાવતભાઈ ડેરના પુત્ર સામે ફરિયાદ નોધાવી હતી. જે મુજબ, તેઓ તથા પત્ની તથા પૌત્રીને લઈને મોણપુરથી રીકડીયા ગામે જતા હતા ત્યારે આરોપીઓ ચિતલ ગામ પાસે આવેલા રેલવેના નાળાએ તેમને સામા મળ્યા હતા. આરોપીઓએ તેમની ગાડીની નજીકથી ગાડી હાંકતા તેમણે ઉભા રહેવાનું કહ્યું હતું. જેથી આરોપીને સારું નહોતું લાગ્યું અને તેમને ફટકારવા લાગ્યા હતા. આ સમયે તેમના પત્ની બચાવવા માટે વચ્ચે પડતા તેમને પણ માર માર્યો હતો. જેથી તેમણે ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ કરવા જવાનું કહેતા તેમણે તારે જયાં જાવું હોય ત્યાં જા તેમ કહી ગાળો આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી. આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયા ગામમાં ૭૫ વર્ષથી માતાજીની આરાધના કરતું ભવાની ચોક ગરબી મંડળ



વડીયા, તા. ૦૯

વડીયામાં આવેલા સુરગપરા વિસ્તારમાં છેલ્લા ૭૫ વર્ષથી ભવાની ચોક ગરબી મંડળ માતાજીની આરાધના કરી રહ્યું છે.

દર વર્ષે સો જેટલી બાળાઓ ગરબે ઘૂમી મા ભવાનીની આરાધના કરે છે તો અહીં રોજ સમગ્ર વડીયા ગામના યુવાનો અને વડીલો અહીં પરંપરાગત રાસ ગરબા રમી આકર્ષણ જમાવે છે.

# સા.કુંડલામાં વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા સરાણીયા સમાજનું સંમેલન યોજાયું



તસવીર :હાર્દિક બામટા

સાવરકુંડલા, તા.૦૯

બગસરાના વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલામાં વિચરતી વિમુક્ત જાતિના સરાણીયા સમાજના લોકોનું વાલી સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં ઉપસ્થિત રહેલા સાવરકુંડલાના ભક્તિરામ બાપુએ જણાવેલ કે, સરાણીયા સમાજના લોકો સંગઠીત બની, સામાજિક અને શૈક્ષણિક રીતે વિકાસની દિશામાં આગળ વધે તેવી આજના સમયની માંગ છે. સમાજના બાળકોને શિક્ષિત અને સંસ્કારી બનાવવા માટે દરેક બાળકને ખાસ ભણાવવાની જરૂર છે. દેવચંદભાઈ સાવલીયાએ જણાવેલ કે, આજે પણ સાવરકુંડલામાં સરાણીયા સમાજના ૨૦૦થી વધુ બાળકો શાળાથી વંચિત છે, જે આપણા સૌ માટે ગંભીર બાબત છે, એ વિશે સમાજના આગેવાનો વિચારી યોગ્ય ઉકેલ લાવે. સમાજના લોકો બચત મંડળો દ્વારા આર્થિક રીતે આત્મનિર્ભર બને તે વિશે દેવચંદ સાવલિયાએ માર્ગદર્શન આપ્યું હતું.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

લલીતાબેન ચીમનભાઈ ચુડાસમા (ઉ.વ.૭૭) તે સ્વ. ચીમનભાઈ જેચંદભાઈ ચુડાસમાના પત્ની તથા પ્રકાશભાઈ ચીમનભાઈ ચુડાસમા અને હિતેશભાઈ ચીમનભાઈ ચુડાસમાના માતૃશ્રી તથા હર્ષભાઈ પ્રકાશભાઈ ચુડાસમાના દાદીનું તારીખ : ૦૬/૧૦/૨૪ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તારીખ:૧૦/૧૦/૨૦૨૪ ને ગુરુવારના રોજ બપોરે ૪ થી ૬ કલાકે તળપદા કોળી સમાજની વાડી નાથીમાં ઉપવન, ગૌશાળા રોડ કાપેલીધાર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

હિરજીભાઈ નારાયણભાઈ લાડવા (ઉ.વ : ૯૮) તે રમેશભાઈ હિરજીભાઈ લાડવા તથા ગોરધનભાઇ હિરજીભાઈ લાડવાના પિતાનું તારીખ:૪/૧૦/૨૪ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તારીખ: ૧૦/૧૦/૨૪ ને ગુરુવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ વાડી, નીચેનો વિભાગ, પારેખવાડી કોર્નર, સાવરકુંડલા ખાતે રાખેલ છે.



















# ગજેરા કેમ્પસના ખેલાડીઓએ એથ્લેટિક્સ રમતમાં નેશનલ કક્ષાએ ગોલ્ડ- બ્રોન્ઝ મેડલ જીત્યો

**વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા**



અમરેલી, તા.૦૯

તારીખ ૪ થી ૬ ઓક્ટોબરના રોજ ૩૫મી વેસ્ટ ઝોન જુનિયર નેશનલ એથ્લેટીક્સ ચેમ્પિયનશિપ નાગપુર-મહારાષ્ટ્ર મુકામે યોજાઈ હતી, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના રમતવીરો દ્વારા પાર્ટિસિપેશન કરવામાં આવેલ. તેમાં અંડર-૧૬ માં નકુમ માર્ગીએ ૬૦૦ મીટર એથલેટીક્સમાં ગોલ્ડ મેડલ સાથે વિજય મેળવેલ, અંડર-૧૮ વાઘેલા દર્શને ૪૦૦ મીટર એથલેટીક્સમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. તેમજ ભૂરીયા આકાશે ૬૦૦ મીટર અને મકવાણા જાગૃતિએ ૧ કિલોમીટર એથલેટીક્સમાં પાર્ટિસિપેશન કરેલ હતું. સ્પર્ધામાંથી આ વિજેતા શાળા કેમ્પસમાં પરત આવતા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલામાંથી પસાર થતાં તોતીંગ વાહનોને કારણે અકસ્માત થવાનો ભય

સાવરકુંડલા, તા.૦૯



સાવરકુંડલા શહેરની મધ્યમાંથી એક સમયે તોતીંગ વાહનો પસાર થતાં અનેક નિર્દોષ લોકો અકસ્માતે મોતને ભેટ્યા હતા. આવી દુર્ઘટનાઓ ટાળવા માટે કરોડો રૂપિયાને ખર્ચે બાયપાસ બનાવવામાં આવ્યો છે અને તે રસ્તો શરૂ થઈ ગયો હતો. શરૂઆતમાં વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા શહેરની મધ્યમાંથી આવા તોતીંગ વાહનો ન નીકળે તેની કાળજી લેવામાં આવતી હતી. પરંતુ છેલ્લા એકાદ માસથી ફરીથી આવા મોટા વાહનો શહેરમાંથી પસાર થઈ રહ્યા છે. મહુવા રોડથી અમરેલી રોડ વચ્ચે પોલીસની કામગીરી અને તેમના પોઈન્ટ ઉપર પોલીસ જોવા નથી મળતી. પોલીસ તંત્રમાં પણ જવાનોની ઘટ હોય તેવું જણાય છે. જેના કારણે ટીઆરબી જવાનો નાવલી પોલીસ ચોકી, નદી બજાર, એસટી બસસ્ટેન્ડ અને રજકાપીઠ જેવા વિસ્તારમાં ફરજ બજાવે છે અને તેઓ પણ ટોળે વળી મોબાઈલ જોવામાં વ્યસ્ત-મસ્ત હોય છે. ત્યારે લોકોમાં ફરીથી ગંભીર અકસ્માત સર્જાવાનો ડર વ્યાપ્યો છે. લોકોની માગણી છે કે આ બાબતે પોલીસ તંત્ર જાગૃત થાય અને નિષ્ઠાપૂર્વક અને ખંતથી કામ કરે.

# પુત્રીને આપઘાત કરવા મજબૂર કરનારા જમાઈ સામે સસરાએ ફરિયાદ નોંધાવી

**કાચરડી ગામે બનાવ બન્યો હતો**

દામનગર, તા.૦૯

દામનગરના કાચરડી ગામે રહેતી એક પરિણીતાએ પતિના ત્રાસથી કંટાળી આપઘાત કર્યો હતો. જેને લઈ મહીસાગરના સંતપુરરામના વેણા ગામ સેલોત ફળીયુંમાં રહેતા સુરેશભાઈ નાનાભાઈ સેલોત (ઉ.વ.૫૩)એ મોરવાહડફ તાલુકાના રજાયતા ગામના જમાઈ સુભાષભાઈ કલ્યાણસિંહ નાનજીભાઈ મુનીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની દીકરી કિંજલના પતિ થાય છે. આરોપીએ લગ્નજીવન દરમ્યાન તેમની દીકરી કિંજલ ઉપર ચારિત્ર્ય અંગે ખોટી શંકાઓ કરી તથા ઘરકામ ઉપરાંત મજૂરીકામ કરવાનું ખોટુ દબાણ કરી તથા ઢીકાપાટુનો માર મારતો હતો. તેમજ તેમની દીકરીને શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપતાં આપઘાત કર્યો હતો.

# બાબરામાં બજરંગ દળના યુવાનો દ્વારા નવરાત્રી દરમિયાન અનોખી સેવા

બાબરા,તા.૦૯



તસવીર : વિજય માળી

બાબરા નગરમાં નવરાત્રી મહોત્સવ દરમિયાન બજરંગ દળના યુવાનો દ્વારા અનોખી સેવા પ્રદાન કરવામાં આવી રહી છે. વડલી ધામ તળાવ પાસે આવેલા મેલડી માતાના મંદિરે યોજાઈ રહેલા ભવ્ય નવરાત્રી કાર્યક્રમમાં સ્થાનિક અને આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે. આ મહોત્સવમાં લગભગ ૨૩૦૦-૨૪૦૦ બાળાઓએ દાંડિયા રાસ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આટલી મોટી સંખ્યામાં લોકોની અવરજવરને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે બાબરા બજરંગ દળના ૭૦થી ૮૦ જેટલા યુવાનો સ્વયંસેવક તરીકે સક્રિય થયા છે. આ યુવાનો રસ્તાઓ પર ખડેપગે ઊભા રહીને ટ્રાફિક વ્યવસ્થા સંભાળી રહ્યા છે અને લોકોને સરળતાથી અવરજવર કરાવવામાં મદદરૂપ થઈ રહ્યા છે.

# અમરેલીમાં પરિણીતાનું ATM કાર્ડ બદલાવી ગઠીયાએ રૂ. ૨૦,૦૦૦ ઉપાડી લીધા

**રૂપિયા ઉપાડવાના બહાને મદદ કરવાનું કહી કળા કરી**

અમરેલી, તા.૦૯

અમરેલીના વાંકીયા ગામે રહેતી પરિણીતા અમરેલી એટીએમમાં રૂપિયા ઉપાડવા ગઈ ત્યારે બે ગઠીયાએ મદદ કરવાનું કહી કાર્ડ બદલાવી નાંખ્યું હતું અને રૂ. ૨૦ હજાર ઉપાડી લીધા હતા. જેને લઈ દિનુબેન ભાવેશભાઈ મહીડા (ઉ.વ.૨૯) એ ત્રણ ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના પતિને મોટર સાયકલ ખરીદવું હોવાથી તેઓ તેમના માટે રૂપિયા ઉપાડવા અમરેલી એસબીઆઈ નાગનાથ બ્રાંચના એટીએમમાં ગયા હતા. જ્યાં હાજર એક વ્યક્તિએ એટીએમમાંથી રૂપિયા ઉપાડવાના બહાને પીન નંબર જોઈ લીધો હતો અને કાર્ડ બદલાવી લીધું હતું. જે બાદ બીજા કોઈ એટીએમમાંથી રૂ. ૨૦૦૦૦ ઉપાડી લીધા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ટ્રાન્સફોર્મર શરૂ નહીં કરો તો મારી નાખીશ કહી લાઠી પીજીવીસીએલ ઓફિસમાં હંગામો કર્યો

**જેમ ફાવે તેમ ગાળો પણ આપી**

લાઠી, તા.૦૯

લાઠી પીજીવીસીએલ ઓફિસમાં હાજર કર્મચારીને ગાળો આપી ટ્રાન્સફોર્મર તાત્કાલિક શરૂ નહીં કરો તો બહાર નીકળો એટલે જોઈ લઈશ તેમ ધમકી આપી હતી. બનાવ અંગે પીષુયભાઈ શાંતીલાલ માથુકીયા (ઉ.વ.૨૭)એ અરવિંદભાઈ વશરામભાઈ રાણપરીયા તથા કનુભાઈ રવજીભાઈ ગેલાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ચાવંડ ગામના નવા ટ્રાન્ફોર્મરમાં ચાર્જ વધારા માટે આરોપીઓ તથા અન્ય ૧૦ થી ૧૨ અરજદારો પીજીવીસીએલ ઓફિસે આવ્યા હતા. આ સમયે હાજર કર્મચારીઓએ તેમને સોમવાર સુધીમાં તમારું કામ થઈ જશે તેમ કહ્યું હતું. જેથી તેમને સારું નહીં લાગતા જેમ ફાવે તેમ ગાળો આપી, ટ્રાન્સફોર્મર તાત્કાલિક શરૂ નહીં કરો તો બહાર નીકળશો એટલે જોઈ લઈશ તેમ ધમકી આપી ફરજ બજાવતાં રોક્યા હતા અને જાનથી મારી નાખીશ તેવી પણ ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.પી. ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

# 'તમારે અમારા ઘરની બાજુમાં નહી આવવાનું' કહી પુરુષને ફટકાર્યો

**સેંજળ ગામની સીમમાં બનાવ બન્યો**

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલાના સેંજળ ગામની સીમમાં એક પુરુષને તમારે અમારા ઘરની બાજુમાં નહીં આવવાનું કહીને ફટકારવામાં આવ્યો હતો. બનાવ અંગે ગણેશભાઈ ભારમલભાઈ વાઘેલા (ઉ.વ.૫૯) અ ે વિરડી ગામના હનુભાઈ રામભાઈ વાઘેલા, સેંજળ ગામના બટુક, ફીફાદના સામતભાઈ તથા અશોકભાઈ જેરાભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા તેમનો દીકરો અને બન્ને ભત્રીજા બધા વાડીએ જતા હોય ત્યારે સેંજળ ગામના ડેમના પાળા પાસે પહોંચતા આરોપીઓએ તેમને આવીને તમારે અમારા ઘરની બાજુમાં નહી આવવાનું તેવું કહીને ગાળો આપી હતી.

ઉપરાંત જમણા હાથના ભાગે તથા ડાબા પગની ઘુંટીના ભાગે લાકડીના ઘા મારી ફ્રેક્ચર કર્યુ હતું.

વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના નાના ભમોદ્રા ગામે સર્પદંશથી પરપ્રાંતીય પરિણીતાનું મોત

**રસોડામાં ચા-પાણી બનાવવા બળતણ લેવા ગઈ હતી**

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલાના નાના ભમોદ્રા ગામે અશોકભાઈ બાબુભાઈ તળાવીયાના વાડામાં રહેતા મૂળ મધ્યપ્રદેશના જાંબુઆના રડોલી ગામના ગડુભાઈ કમજીભાઈ ભુરીયા (ઉ.વ.૩૧)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની રમીલાબેન અઠવાડિયા પહેલા રસોડામાં ચા પાણી બનાવવા માટે બળતણ લેવા જતાં અચાનક ઝેરી સાપે ડંખ માર્યો હતો. તેથી ઝેરી અસર થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ સાતમ
તા. ૧૦-૧૦-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૧૮, સૂર્યાસ્ત-૦૫:૫૭, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્રઃ મૂળ

## દૈનિક રાશિફળ

તા.૧૦-૧૦-૨૦૨૪ ગુરૂવાર

મેષ: આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. વૃદ્ધ વ્યક્તિ પાસેથી પૈસા મળી શકે છે. સંતાન તરફથી સારા સમાચાર મળશે.

વૃષભ: આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે.

મિથુન: દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઇચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઇ શકો છો.

કર્ક: આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ મળશે નહીં. બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો.

સિંહ: દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. આજે તમે ઊંડા વિચારમાં ડૂબી જશો.

કન્યા: આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે.

તુલા: આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

વૃશ્ચિક: ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે.

ધન: આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે કોઈની પાસેથી લોન લેવાની સંભાવના પણ હોઈ શકે છે.

મકર: આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો.

કુંભ: આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીન: આજે તમે બેપરવા રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરી, પર્યટનનું આયોજન કરવામાં આવશે.

# બર્બટાણા ગામના કપાસના વેપારી સાથે રૂ.૪,૪૧,૮૨,૮૪૭ની ઠગાઈ

**માલ ખરીદી આરોપીઓ કંપની, મકાન બંધ કરીને છૂમંતર**

સાવરકુંડલા, તા.૦૯

રાજુલાના બર્બટાણા ગામે રહેતા કપાસના વેપારી પાસેથી માલ ખરીદી આરોપીઓ કંપની, મકાન બંધ કરીને ફરાર થઈ ગયા હતા. જેને લઈ પરેશભાઈ બચુભાઈ હડિયાએ રાજકોટમાં રહેતા ભાલાળા દર્શનભાઈ રમણીકભાઈ, રમણીકભાઈ ચકુભાઈ ભાલાળા, લુણાગરીયા વિરેન સુરેશભાઈ, સુરેશભાઈ ગોવિંદભાઈ લુણાગરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓ સિદ્ધનાથ કોટેક્ષ પ્રાઈવેટ લી.ના ડાયરેકટરો તથા વહીવટદારો વ્યાપારી છે. જેઓએ તેમના મહાવીર કોટન ઈન્ડસ્ટ્રીઝ નામની ભાગીદારી પેઢી પાસેથી દલાલો મારફતે અલગ-અલગ તારીખે કુલ ૩૨૦૦ કોટન બેલ્સ (ગાંસડીઓ) કિં.રૂ.૮,૬૬,૪૦,૨૬૭ નો માલ ૧૫ દિવસે પેમેન્ટ કરવાના વાયદે ખરીદ્યો હતો. આરોપીએ સમય મર્યાદામાં પેમેન્ટ નહી ચુકવતા તેમણે તથા સાહેદોએ અવાર-નવાર આ બાકી પેમેન્ટની ઉઘરાણી અંગે આરોપીઓની શ્રી સિદ્ધનાથ કોટેક્ષ પ્રા.લી. ખાતે જઈ કટકે કટકે રૂ.૪,૨૪,૫૭,૪૨૦ના નાણા મહાવીર કોટનના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. ઉપરાંત આરોપીઓ પાસેથી કાયદેસરના લેવાના બાકી રહેલા નાણા રૂ.૪,૪૧,૮૨,૮૪૭ બાબતે અવારનવાર ઉઘરાણી કરવા જતા સમયે ચારેય આરોપીઓએ નાણા ચુકવી આપવાનો વિશ્વાસ અને વાયદા આપતા હતા. આરોપીઓ તેમની સિદ્ધનાથ કોટેક્ષ પ્રા.લી. કંપની તથા રહેણાંક મકાનો બંધ કરી જતા રહ્યા હતા.

# બગસરા ધાણક સ્કૂલમાં નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી

બગસરા, તા.૦૯



તસવીર : હાર્દિક બામટા

બગસરામાં ઇંગ્લીશ મીડિયમ ધાણક સ્કૂલના બાળકો દ્વારા ચાલી રહેલ નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આ સ્કૂલમાં અભ્યાસ કરતા તમામ બાળકો એક સાથે ગરબે રમ્યા હતા તેમજ માતાજીની આરતી કરી અન્નકૂટ પણ કરવામાં આવ્યો હતો. એક સાથે તમામ બાળકો અને શિક્ષકોએ ગરમે રમી નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી કરી હતી. અંતમાં બેસ્ટ પર્ફોર્મ અને વેલ ડ્રેસ પહેરેલા બાળકોને ધોરણ વાઈજ નંબર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા

ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર



લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents




ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

તંત્રી લેખ

# ઉત્સાહી નેતાઓને કેજરીવાલની સલાહ

વિધાનસભાની ચૂંટણીના પરિણામો કોંગ્રેસ અને અન્ય પાર્ટીઓ માટે મોટા આંચકા સમાન છે. હરિયાણામાં કોંગ્રેસની હાર પર કેજરીવાલે કહ્યું - ઓવરકોન્ફિડન્સ સારો નથી કોઈપણ ચૂંટણીને હળવાશથી ન લો. અરવિંદ કેજરીવાલે કહ્યું કે 'ચૂંટણીના પરિણામોનો સૌથી મોટો બોધપાઠ એ છે કે ચૂંટણીમાં ક્યારેય વધારે આત્મવિશ્વાસ ન હોવો જોઈએ.' કેજરીવાલનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભાજપને હરિયાણાની ૯૦ વિધાનસભા સીટો પર સ્પષ્ટ બહુમતી મળી છે.

હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો હવે સ્પષ્ટ છે. ફરી એકવાર એટલે કે સતત ત્રીજી વખત રાજ્યમાં ભાજપની સરકાર બની છે. કોંગ્રેસને આ વખતે જીતની આશા હતી પરંતુ તેની આશા પર પાણી ફરી વળ્યું. હવે આ પરિણામોની પ્રતિક્રિયાઓ પણ બહાર આવી રહી છે. અરવિંદ કેજરીવાલે પણ કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. કેજરીવાલે કહ્યું કે ચૂંટણી પરિણામોનો 'સૌથી મોટો પાઠ' એ છે કે ચૂંટણીમાં ક્યારેય 'ઓવર કોન્ફિડન્ટ' ન હોવું જોઈએ.

AAP મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્યોના જૂથને સંબોધતા કેજરીવાલે કહ્યું, 'ચાલો જોઈએ કે હરિયાણામાં શું પરિણામ આવે છે. તેનો સૌથી મોટો પાઠ એ છે કે ચૂંટણીમાં ક્યારેય વધારે આત્મવિશ્વાસ ન રાખવો જોઈએ. કોઈપણ ચૂંટણીને હળવાશથી લેવી જોઈએ નહીં. દરેક ચૂંટણી અને દરેક બેઠક મુશ્કેલ છે.

હરિયાણા ચૂંટણીમાં AAP-કોંગ્રેસના ગઠબંધન માટે ઘણા પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ ગઠબંધન થઈ શક્યું નથી. આ પછી, AAP રાજ્યની કુલ ૯૦ બેઠકોમાંથી ૮૯ પર એકલા ચૂંટણી લડી હતી. લગભગ તમામ સીટો પર AAPના ઉમેદવારો ભાજપ અને કોંગ્રેસથી પાછળ છે. ચૂંટણી પ્રચાર દરમિયાન કેજરીવાલે અગાઉ કહ્યું હતું કે AAPના સમર્થન વિના રાજ્યમાં કોઈ સરકાર બનશે નહીં.

હરિયાણા ચૂંટણીમાં જીતની ટ્રિક અને હેટ્રિકઃ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપે બહુમતીનો આંકડો પાર કરી લીધો છે. આ ચૂંટણી વલણો એક્ઝિટ પોલની આગાહીઓથી બિલકુલ વિપરીત છે. આવી સ્થિતિમાં, ભાજપે પોતાની જૂની યુક્તિ અજમાવીને હરિયાણા ચૂંટણીમાં જીતની હેટ્રિક ફટકારીને હરિયાણામાં ઈતિહાસ રચ્યો તેની ફરી ચર્ચા શરૂ થઈ છે. આ પહેલા રાજ્યમાં કોઈ પણ રાજકીય પક્ષ સતત ત્રણ વખત ચૂંટણી જીત્યો ન હતો.

વાસ્તવમાં, ભાજપ કોઈપણ રાજ્યમાં તેની સરકારના લાંબા કાર્યકાળ સામેના લોકોના ગુસ્સાને દબાવવા અને સત્તા વિરોધી પરિબળને ઘટાડવા માટે ચૂંટણીના થોડા મહિના પહેલા મુખ્યમંત્રીને બદલી રહી છે. ભાજપે ગુજરાતમાં તેનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો હતો. ત્યારપછી ભાજપે ઉત્તરાખંડમાં પણ તેનો પ્રયાસ કર્યો હતો. ભાજપે ચૂંટણીના થોડા મહિના પહેલા હરિયાણામાં આ જ યુક્તિ અજમાવી હતી અને તત્કાલિન મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરને હટાવીને તેમની જગ્યાએ નાયબ સિંહ સૈનીને બેસાડ્યા હતા. આ સાથે ભાજપે પ્રદેશ ભાજપ અધ્યક્ષની પણ બદલી કરી હતી.

# સુખી જીવનનો આધાર સ્વસ્થ મન છે




**વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ દર વર્ષે ૧૦ ઓક્ટોબરે ઉજવવામાં આવે છે, આ વર્ષની થીમ 'Mental Health is a Universal Human Right' છે. માનસિક સ્વાસ્થ્યની સુખાકારી માટે કેટલીક બાબતનું ધ્યાન રાખવું જરૂરી.**


પ્રાસંગિક
સુરેશ દેસાઈ


માનવીના સુખનો આધાર તેનું મન છે. મન જો પ્રસન્ન હોય તો માનવીને સુખી સમજવો એમ માનવામાં આવે છે. વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ દર વર્ષે ૧૦મી ઑક્ટોબરે માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે જાગૃતિ લાવવા અને માનસિક સ્વાસ્થ્યના સમર્થનમાં પ્રયત્નો કરવા માટે મનાવવામાં આવે છે. તે વિશ્વભરમાં માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત વૈશ્વિક સંસ્થા, વર્લ્ડ ફેડરેશન ફોર મેન્ટલ હેલ્થ (WFMH) દ્વારા પહેલ તરીકે ૧૯૯૨ માં પ્રથમ વખત ઉજવવામાં આવ્યું હતું. વર્ષોથી, આ દિવસનું મહત્વ વધ્યું છે, જેમાં વધુ દેશો અને સંસ્થાઓ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓની આસપાસના કલંકને તોડવાની ઝુંબેશમાં ભાગ લે છે.

માનસિક સ્વાસ્થ્યમાં આપણી ભાવનાત્મક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક સુખાકારીનો સમાવેશ થાય છે. તે અસર કરે છે કે આપણે કેવી રીતે વિચારીએ છીએ, અનુભવીએ છીએ અને કેવી રીતે કાર્ય કરીએ છીએ. તે એ નક્કી કરવામાં પણ મદદ કરે છે કે આપણે તણાવને કેવી રીતે હેન્ડલ કરીએ છીએ, અન્ય લોકો સાથે સંબંધ રાખીએ છીએ અને પસંદગીઓ કરીએ છીએ.

દેશના વિકાસ માટે આરોગ્ય મહત્વનું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની વ્યાખ્યા અનુસાર" ભૌતિક, માનસિક અને સામાજિક અને આધ્યાત્મિક સુખાકારી અવસ્થા અને માત્ર રોગ અથવા અશક્તિની ગેરહાજરી એટલે આરોગ્ય. " વિશ્વ આરોગ્ય સંસ્થાની વ્યાખ્યા અનુસાર જે વ્યકિત તેની અથવા તેણીની ક્ષમતાનો અહેસાસ કરાવે, સામાન્ય રીતે સામાન્ય જીવનભારનો સામનો કરી શકે, સારી રીતે કામ પૂર્ણ કરી શકે, પોતાના સમુદાય માટે તે અથવા તેણી કામ કરી શકે તેને માનસિક સ્વાસ્થ કહે છે. આ હકારાત્મક અર્થમાં, માનસિક સ્વાસ્થ્ય એટલે વ્યક્તિગત રીતે સારો આધાર અને સમુદાય માટેની અસરકારક કામગીરી.

આ વર્ષના વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની થીમ "કામ પર માનસિક સ્વાસ્થ્ય" છે. તેના ભાગીદારો સાથે મળીને, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) માનસિક સ્વાસ્થ્ય અને કાર્યસ્થળ વચ્ચેની નિર્ણાયક કડી પર ભાર મૂકે છે. સલામત, સહાયક કાર્ય વાતાવરણ માનસિક સુખાકારી જાળવવામાં રક્ષણાત્મક ભૂમિકા ભજવે છે. જો કે, બિનઆરોગ્યપ્રદ પરિસ્થિતિઓ જેમ કે કલંક, ભેદભાવ, કનડગત અને ખરાબ કામ કરવાની પરિસ્થિતિઓ માનસિક સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો પેદા કરી શકે છે. આ પડકારો જીવનની એકંદર ગુણવત્તા, કાર્યમાં ભાગીદારી અને ઉત્પાદકતા પર નકારાત્મક અસર કરી શકે છે.

જો મહિલાને મેન્ટલ હેલ્થની સમસ્યા થાય એને અનેક શારીરિક સમસ્યાઓ પણ થઈ શકે છે કારણ કે માનસિક સ્વાસ્થ્યનો શારીરિક સ્વાસ્થ્ય સાથે સીધો સંબંધ છે. વધુ પડતો તણાવ પણ વંધ્યત્વનું કારણ બની શકે છે. સ્ટ્રેસને કારણે શરીરમાં કોર્ટિસોલ અને અન્ય સ્ટ્રેસ હોર્મોન્સનું સ્તર વધી શકે છે, જે હોર્મોનલ અસંતુલન તરફ દોરી જાય છે. આનાથી માસિક ચક્રમાં વિક્ષેપ, ઓવ્યુલેશનની સમસ્યાઓ અને ગર્ભધારણમાં મુશ્કેલી થઈ શકે છે. જ્યારે મહિલાઓ અવસાદનો ભોગ બને છે ત્યારે તેઓ પોતાની તરફ ધ્યાન આપી શકતી નથી. આ ડિપ્રેશનને કારણે મહિલાઓમાં ભૂખ ન લાગવી, ઊંઘમાં ખલેલ અને ઉર્જાનો અભાવ અનુભવાય છે. આ શરીરની સામાન્ય પ્રજનન ક્ષમતાને અસર કરે છે, જે ગર્ભધારણમાં સમસ્યા ઊભી કરી શકે છે. મેન્ટલ સ્ટ્રેસ હાઈ બ્લડ પ્રેશર, હૃદયના ધબકારા વધવા અને પાચન તંત્રની સમસ્યાઓનું કારણ બની શકે છે. અયોગ્ય મેન્ટલ હેલ્થને કારણે વ્યક્તિ ડિપ્રેશનનો ભોગ બને છે. ડિપ્રેશનથી પીડિત લોકોને ન તો સારું ખાવાનું કે કસરત કરવાનું મન થાય છે. તેઓ યોગ્ય રીતે આરામ પણ નથી કરી શકતા. આ બધી વસ્તુઓ એકસાથે તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે, જેમાં ડાયાબિટીસ, વજન વધવું અને ઊંઘ સંબંધિત સમસ્યાઓ પણ જોવા મળે છે. મેન્ટલ હેલ્થ યોગ્ય ન રહેવાથી એની સીધી અસર વ્યક્તિની વિચારવાની શક્તિ પર પડે છે.

આ સ્થિતિમાં વ્યક્તિ સમયસર યોગ્ય નિર્ણય નથી લઈ શકતી. મોટાભાગનો સમય વ્યક્તિ કન્ફ્યુઝ રહેતી હોવાથી ક્યારેય મોટું નુકસાન થઈ શકે છે. મેન્ટલ હેલ્થ સંતુલિત ન હોય તેવી વ્યક્તિ બહુ ઝડપથી ડિપ્રેશન અને એન્ઝાઈટી જેવી માનસિક સમસ્યાનો ભોગ બને છે. આ સ્થિતિની સારવાર માટે જે દવાઓ લેવામાં આવે છે તેની આડઅસરને કારણે ઘણી વખત શારીરિક સમસ્યાઓ સર્જાતી હોય છે. માનસિક સ્વાસ્થ્ય તંદુરસ્ત ન હોય તો એ વ્યક્તિનો જીવન જીવવામાં રસ નથી રહેતો અને તેનો ઉત્સાહ મરી પરવારે છે. આ અભિગમને કારણે તે તેના ભોજન અને શારીરિક એક્ટિવિટિ પ્રત્યે બેદરકાર થઈ જાય છે. જો આ પરિસ્થિતિ લાંબો સમય ટકી રહે તો શારીરિક સમસ્યાઓ વધી જાય છે. મહિલાઓમાં માનસિક સ્વાસ્થ્ય સંબંધિત રોગો, મેન્ટલ હેલ્થને સ્વસ્થ રાખવાના ઉપાયો :

**માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા** : મહિલાઓ બહુ કામકાજના બોજથી દબાયેલી હોય છે અને તેઓની ઈચ્છા ન હોવા છતાં તેમની ક્ષમતા કરતાં વધુ જવાબદારીઓ નિભાવવી પડે છે. આ સંજોગોમાં તણાવ, ચિંતા અને બર્નઆઉટ થવું સ્વાભાવિક છે. આવી સ્થિતિમાં ઊંડા શ્વાસ લેવાની કસરત કરો. તેનાથી મન ખૂબ જ શાંત રહેશે. શારીરિક સ્વાસ્થ્ય પણ **મહત્ત્વપૂર્ણ** : સમગ્ર પરિવારનું ધ્યાન રાખતી વખતે મહિલાઓ તેમના સ્વાસ્થ્ય પ્રત્યે ખૂબ જ બેદરકાર હોય છે. આવી સ્થિતિમાં પોષક તત્ત્વોની ઊણપને કારણે શરીર નબળું પડી જાય છે અને થોડી બીમારી પણ તેના પર ઘણી અસર કરે છે. આવી સ્થિતિમાં શરીરમાં ધ્રુજારી થવી, ગળામાં કંઈક અટવાયુ હોવાનો અહેસાસ, માથામાં ભારેપણું, અપચો અને ગેસ થવો, હાથ- પગ ઠંડા થવા જેવા લક્ષણો જોવા મળે છે. તેથી જરૂરી છે કે મહિલાઓએ તેમના આહાર પર ધ્યાન આપવાની સાથે કસરત અને ધ્યાન માટે થોડો સમય કાઢે. **વર્તમાનમાં જીવો** : જે મહિલાઓ મલ્ટિટાસ્ક કરે છે તેઓ નિશ્ચિત સમયમાં કામ કરવાની આગ્રહી હોય છે. ઘણી વખત કામ નિયત સમયમાં ન થાય તો તે અકળાઈ જતી હોય છે. આવી સ્થિતિમાં ગભરાવાની જગ્યાએ આજે અને અત્યારે જ ધ્યાન આપો અને જો કેટલાંક કાર્યો પૂરાં ન થયા હોય તો પણ તેની તમારા સ્વાસ્થ્ય પર અસર ન થવા દો. દિવસમાં એક એવું કામ કરો જે તમને ખુશ કરે, પછી તે છોડને પાણી આપવાનું હોય કે ગીતો ગાવાનું હોય. વર્તમાનમાં જીવવાનું ભૂલશો નહીં. **વધારે કામ ન કરો** : સ્વીકારો કે વિશ્વમાં કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ નથી અને તમે બધાને હંમેશાં ખુશ કરી શકતા નથી. સ્ત્રીઓ દિવસ-રાત દરેક વ્યક્તિ માટે તેમના સુખ અને શાંતિનું બલિદાન આપે છે અને છતાં પણ તેમનું જીવન તણાવ અને ચિંતામાંથી પસાર થાય છે. તેથી, સંપૂર્ણ બનવાની હોડમાં ન પડો અને તમારા સ્વાસ્થ્યને અનુરૂપ બને એટલું જ કામ કરો. કામને ઘણા ટુકડાઓમાં વિભાજીત કરો, વિરામ લો અને પૂરતી ઊંઘ લો. **તણાવ મંત્ર અપનાવો** : જ્યારે પણ તમે ખૂબ તણાવ અનુભવો છો, ત્યારે તમારા મનમાં એક જ વાતને વારંવાર બોલો કે આ સમય પણ પસાર થઈ જશે. આવી સ્થિતિમાં એકલા રહેવાનું ટાળો. કોઈ વિશેષ વ્યક્તિ સાથે વાત કરો અથવા ચિકિત્સકની મદદ લો. સ્થળ અને વાતાવરણ બદલો અને તમારી કંપનીને સુખદ રાખો.

# માર્કેટ યાર્ડનાં ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૨૫ | ૧૬૬૦ |
| ઘઉં લોકવન | ૫૪૩ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૫૫૪ | ૬૦૧ |
| જુવાર સફેદ | ૭૧૮ | ૮૧૬ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૩૭૫ | ૪૪૯ |
| તુવેર | ૧૫૭૦ | ૨૦૩૦ |
| ચણા પીળા | ૧૨૫૦ | ૧૪૨૦ |
| ચણા સફેદ | ૨૨૦૦ | ૨૯૨૦ |
| અડદ | ૧૩૭૦ | ૧૭૦૧ |
| મગ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વાલ દેશી | ૧૪૫૧ | ૨૧૬૦ |
| વાલ પાપડી | ૧૫૧૧ | ૨૦૧૧ |
| ચોળી | ૧૪૦૦ | ૩૨૯૦ |
| વટાણા | ૧૭૫૧ | ૩૩૦૦ |
| સીંગદાણા | ૧૪૩૦ | ૧૫૨૦ |
| મગફળી જાડી | ૯૬૦ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૧૧૧૦ | ૧૩૫૪ |
| તલી | ૨૦૧૦ | ૨૬૦૦ |
| સુરજમુખી | ૫૫૫ | ૯૪૫ |
| એરંડા | ૧૨૧૧ | ૧૨૭૯ |
| સુવા | ૧૧૭૫ | ૧૬૨૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૮૦ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| કાળા તલ | ૨૮૫૦ | ૩૯૮૬ |
| લસણ | ૩૫૦૦ | ૫૧૦૦ |
| ધાણા | ૧૧૭૦ | ૧૪૯૦ |
| ધાણી | ૧૨૬૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૧૦૮૫ | ૧૩૯૩ |
| જીરૂ | ૪૪૦૦ | ૪૮૪૫ |
| રાય | ૧૧૦૦ | ૧૩૪૫ |
| મેથી | ૧૦૮૦ | ૧૩૮૦ |
| ઈસબગુલ | ૧૨૦૫ | ૧૨૦૫ |
| રાયડો | ૧૦૬૦ | ૧૧૫૬ |
| રજકાનું બી | ૪૩૧૫ | ૫૨૫૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦૦ | ૨૧૦૦ |
| બટેટા | ૪૦૦ | ૬૨૫ |
| ડુંગળી સુકી | ૨૭૫ | ૯૬૦ |
| ટમેટા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સુરણ | ૭૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૧૦૦ | ૨૦૫૦ |
| મુળા | ૪૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| કોબીજ | ૩૦૦ | ૪૫૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૭૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૧૪૦૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૩૩૦ | ૫૨૦ |
| સરગવા | ૯૦૦ | ૧૨૫૦ |
| તુરીયા | ૩૫૦ | ૬૫૦ |
| પરવર | ૭૫૦ | ૧૦૫૦ |
| કાકડી | ૪૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૫૦ | ૫૦૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૫૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૫૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૧૦૦ |
| હળદર લીલી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મગફળીલીલી | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૬૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૬૬ | ૧૦૨૫ |
| શિંગ મોટી | ૭૧૦ | ૧૧૩૨ |
| શિંગ દાણા | ૧૦૨૦ | ૧૩૧૨ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૬૫૧ |
| તલ કાળા | ૨૫૭૫ | ૩૮૧૫ |
| તલ કાશ્મીરી | ૩૨૬૦ | ૩૩૦૦ |
| બાજરો | ૪૧૧ | ૪૯૦ |
| જુવાર | ૭૧૪ | ૭૧૪ |
| ઘઉં ટુકડા | ૫૨૪ | ૬૪૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૬૦૭ |
| મગ | ૧૦૩૦ | ૧૮૩૫ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૪૧ |
| ચણા | ૧૦૫૦ | ૧૫૧૬ |
| તુવેર | ૯૩૫ | ૧૯૪૫ |
| કપાસ | ૮૬૦ | ૧૬૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૩૬૪૦ | ૪૬૧૦ |
| ગમ ગુવાર | ૯૫૦ | ૯૫૦ |
| ધાણા | ૯૫૦ | ૧૨૬૦ |
| મેથી | ૬૯૫ | ૧૧૦૫ |
| સોયાબીન | ૫૬૨ | ૮૪૯ |

| | | |
|---|---|---|
| રજકાનુ બી | ૩૬૫૦ | ૫૪૫૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૫૮૦ |
| રીંગણાં | ૧૦૦ | ૨૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૨૫ |
| ટામેટા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૬૦૦ | ૮૦૦ |
| દૂધી | ૫૦૦ | ૭૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૯૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૫૦૦ | ૭૫૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સૂકું | ૬૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૬૦૦ | ૮૦૦ |
| આમળા | ૫૦૦ | ૮૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગઓળા | ૬૫૦ | ૮૦૦ |
| હળદરલીલી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૫૦ | ૧૬૫૮ |
| કપાસ કોડી | ૧૦૫૦ | ૧૧૫૦ |
| મગફળી નવી | ૭૭૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૫૦૪૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ઘઉં | ૪૫૦ | ૬૦૩ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૫૮૦ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગજીણી | ૯૦૦ | ૧૧૭૧ |
| શીંગમોટી | ૯૫૧ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૩૧ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૭૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૭૦ |
| ઘઉં લોકવન | ૫૫૬ | ૬૩૮ |
| ઘઉં ટુકડા | ૫૮૯ | ૬૫૧ |
| બાજરો | ૪૪૧ | ૫૧૧ |
| જુવાર | ૫૦૧ | --- |
| મગ | ૧૪૮૫ | --- |
| અડદ | ૧૧૮૫ | ૧૮૫૨ |
| ચણા | ૧૧૯૮ | ૧૫૩૦ |
| તુવેર | ૭૯૫ | ૧૭૦૦ |
| સોયાબીન | ૮૧૦ | ૮૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી૨૦ | ૮૪૦ | ૧૨૧૩ |
| મગફળી ૩૨નં | ૮૫૬ | ૧૦૮૨ |
| બાજરી | ૩૮૦ | ૫૧૪ |
| ઘઉં | ૪૮૦ | ૬૦૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૭૬ |
| સફેદ તલ | ૧૯૫૦ | ૨૪૭૦ |
| કાળા તલ | ૩૧૦૦ | ૩૫૩૦ |
| સોયાબીન | ૬૭૦ | ૯૦૨ |
| જુવાર | ૪૦૦ | ૭૮૩ |
| અડદ | ૭૫૦ | ૧૬૧૫ |
| ચણા | ૧૧૫૦ | ૧૪૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૬ | ૧૫૦૦ |
| ચણા | ૮૪૦ | ૧૩૯૯ |
| તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૦૧૨ | ૧૩૦૦ |
| અડદ | ૧૧૯૦ | ૧૫૦૧ |
| મકાઈ | ૪૮૫ | ૪૮૫ |
| સોયાબીન | ૭૫૦ | ૭૮૨ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૬૪ |
| ઘઉ લોકવન | ૪૭૦ | ૫૦૦ |
| ઘઉ ટુકડા | ૪૮૧ | ૫૧૯ |
| સોયાબીન | ૭૮૩ | ૮૦૪ |
| ચણા | ૧૧૦૫ | ૧૪૦૪ |
| ધાણા | ૧૦૭૫ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૨૦૧ | ૨૨૦૧ |
| મગફળી | ૭૦૫ | ૯૯૯ |

| | | |
|---|---|---|
| અડદ | ૧૦૭૦ | ૧૫૦૦ |
| શીંગદાણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| જુવાર | ૩૨૫ | ૫૦૦ |
| એરંડી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| **ગોંડલ** | | |
| કપાસબી.ટી | ૧૨૦૧ | ૧૫૯૧ |
| ઘઉં લોકવન | ૫૪૬ | ૫૯૮ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૭૪ |
| મગફળીજીણી | ૮૪૧ | ૧૩૯૬ |
| સિંગદાણા | ૧૦૫૦ | ૧૩૬૧ |
| સિંગ ફાડીયા | ૧૦૧૧ | ૧૩૩૧ |
| એરંડા/એરંડી | ૧૧૬૧ | ૧૨૮૬ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૯૪૧ |
| વરીયાળી | ૧૦૫૧ | ૧૨૦૧ |
| ધાણા | ૮૦૦ | ૧૬૧૧ |
| લસણસુકુ | ૨૧૯૧ | ૫૫૯૧ |
| ડુંગળીલાલ | ૨૨૬ | ૮૩૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૯૧ |
| તુવેર | ૧૩૦૧ | ૨૦૪૧ |
| રાય | ૮૫૧ | ૧૨૫૧ |
| મેથી | ૭૦૧ | ૧૧૭૬ |
| કાળીજીરી | ૨૬૫૧ | ૨૬૫૧ |
| સુરજમુખી | ૫૭૬ | ૫૭૬ |
| મગફળીજાડી | ૬૧૧ | ૧૨૨૬ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૨૮૧૧ |
| મગફળી૬૬ | ૧૩૦૦ | ૨૦૦૧ |
| તલ-તલી | ૧૮૦૦ | ૨૫૫૧ |
| ઈસબગુલ | ૨૪૮૧ | ૨૪૮૧ |
| ધાણી | ૧૧૦૦ | ૧૬૭૧ |
| બાજરો | ૩૫૧ | ૪૪૧ |
| જુવાર | ૬૬૧ | ૮૩૧ |
| મકાઈ | ૬૧૧ | ૬૧૧ |
| મગ | ૧૦૧૧ | ૧૫૭૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૨૧ |
| વાલ | ૪૪૧ | ૧૬૭૬ |
| ચોળા/ચોળી | ૪૦૧ | ૪૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૬ |
| ગોગળી | ૫૫૦ | ૯૫૧ |
| વટાણા | ૧૫૫૧ | ૧૫૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૨૩૧ | ૧૫૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| અડદ | ૧૩૭૦ | ૧૪૧૮ |
| બાજરો | ૩૬૦ | ૩૬૦ |
| **રાજુલા** | | |

| | | |
|---|---|---|
| શીંગ | ૭૫૧ | ૯૬૦ |
| તલ સફેદ | ૨૨૭૬ | ૨૪૨૫ |
| કપાસ | ૧૨૪૫ | ૧૫૨૬ |
| બાજરો | ૪૮૫ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૯૦ |
| જુવાર | ૬૦૧ | ૮૩૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૭૬ |
| ચણા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૧૦૦ |
| સોયાબીન | ૮૭૦ | ૮૭૦ |
| ધાણા | ૮૦૦ | ૮૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૦૧ | ૧૫૫૭ |
| કપાસ સીગ્રેડ | ૯૪૮ | ૧૨૯૯ |
| સોયાબીન | ૪૦૦ | ૮૨૮ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૭ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૩૮૦ |
| અડદ | ૯૦૦ | ૧૫૫૦ |
| મગફળી | ૭૦૦ | ૯૭૬ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૩૦ |
| મેથી | ૮૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૭ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૦૦૦ | ૧૬૨૨ |
| શીંગ ૩૯ | ૪૫૦ | ૬૦૫ |
| શીંગટી.જે | ૯૦૦ | ૧૧૮૦ |
| શીંગજી૨૦ | ૯૦૦ | ૧૧૭૦ |
| જુવાર | ૩૩૮ | ૬૭૬ |
| બાજરી | ૩૯૨ | ૫૨૭ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૧ |
| મકાઈ | ૪૭૮ | ૫૭૧ |
| અડદ | ૭૨૬ | ૧૫૩૬ |
| મગ | ૫૩૦ | ૧૮૫૧ |
| સોયાબીન | ૮૬૨ | ૮૬૨ |
| ચણા | ૮૮૮ | ૧૩૬૦ |
| તલ સફેદ | ૧૮૫૧ | ૨૪૭૧ |
| તલ કાળા | ૩૫૫૪ | ૩૫૫૪ |
| જીરૂ | ૪૩૨૦ | ૪૩૨૦ |
| ડુંગળીલાલ | ૬૦ | ૮૪૨ |
| ડુંગળીસફેદ | ૨૮૦ | ૬૩૨ |
| કપાસશંકર | ૬૩૨ | ૧૩૧૧ |
| નાળીયેર | ૫૪૨ | ૨૫૦૨ |

## શબ્દ સંજોગ-૧૮૮૨



**આડી ચાવી :**
(૨) તીવ્ર, પ્રબળ (૩)
(૩)સંદેશો કે કાગળ લાવનાર-લઈ જનાર માણસ (૩)
(૬) કારણ, હેતુ (૩)
(૮) ઈશ્વરી સંદેશો (૪)
(૯) દિવસ, વાર (૩)
(૧૧) પૂજનના સોળ માંહેનો એક પ્રકાર (૪)
(૧૩) મીઠાઈ વગેરે પર લગાવાતું ચાંદીનું પાતળુ પતરુ (૩)
(૧૪) અદેખાઈ, ગુમાન(આ-અ) (૩)
(૧૬) રંગ, અક્ષર (૨)
(૧૭) શુભ, કલ્યાણ (૩)
(૧૮) નમેલું (૨)
(૨૦) એક અંગ્રેજી તોલ (૨)
(૨૧) બખું, ઝાડ-પહાડ વગેરેમાં રહેલુ પોલાણુ (૩)
(૨૨) પ્રેમમાં કયારેક આ આપવુ પણ પડે (૪)
(૨૪) ક્ષમા આપી શકાય એવુ (૨)
(૨૫) કેડ, શરીરનો મધ્યભાગ (૨)
(૨૬) શાયરી કરનાર (૩)

**ઉભી ચાવી :**
(૧) નિવારી ન શકાય તેવુ (૪)
(૨) વધતું, પાછલુ (૩)
(૩) કાયદા મુજબ (૫)
(૪) ....સૌ સ્વાર્થના (૨)
(૫) ધમકીને ડરામણી (૪)
(૭) અપરિણીત યુવતી (અંગ્રેજીમાં) (૨)
(૧૦) ઝાડ પર જ પાકેલુ ફળ (૨)
(૧૧) ચારણ, મોઢે વખાણ કરનાર (૬)
(૧૨) મોટાનો નાના પ્રત્યેના પ્રેમ-મમતા (૩)
(૧૩) તમે કરેલા પ્રવાસનું..કરો (૩)
(૧૫) મનુષ્ય તરીકેની જીંદગી (૩)
(૧૬) મુખ્ય વૃક્ષ (૪)
(૧૯) એક આયુધ (૪)
(૨૩) ધમકી (૨)

## શબ્દ સંજોગ-૧૮૮૧ જવાબ

**આડી ચાવી:** (૧) કેતક (૪) મર્કટ (૮) રહેમત (૯) તસવીર (૧૦) લવાર (૧૧) અસર (૧૨) નેક (૧૩) આળ (૧૫) અનળ (૧૬) શંખ (૧૭) સનદ (૧૮) મા (૧૯) રેવા (૨૧) લહાવો (૨૪) થ (૨૬) કરમ (૨૮) રાગ (૨૯) કોલાહલ (૩૦) ઉપાસના.
**ઉભી ચાવી:** (૧) કેરલ (૨) તહેવાર (૩) કમર (૫) ર્કતસ (૬) ટસર (૭) શરમાળ (૧૧) અકળ (૧૨) નેન (૧૩) આખરે (૧૪) વ્યસન (૧૫) અદલ (૨૦) વારાંગના (૨૨) હાકલ (૨૩) વોર (૨૭) મઉ (૨૮) રાસ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

નોર્થ અને ઈસ્ટ ઝોનમાં ઉપસ્થિત રહી માતાજીની આરતી કરી, આયોજકો દ્વારા સન્માન

# હર્ષ સંઘવીએ રાજકોટમાં ખોડલધામ નવરાત્રી મહોત્સવની મુલાકાત લીધી

રાજકોટ, તા.૦૯

રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે રાજકોટમાં શ્રી ખોડલધામ નવરાત્રી મહોત્સવની મુલાકાત લીધી હતી. છઠ્ઠા નોરતે તેમણે શહેરના બે અલગ વિસ્તારોમાં આયોજિત નવરાત્રી મહોત્સવમાં હાજરી આપી હતી. પ્રથમ, સંઘવીએ સામાકાંઠા વિસ્તારમાં આવેલ શ્રી ખોડલધામ નવરાત્રી મહોત્સવ ઈસ્ટ ઝોનની મુલાકાત લીધી. અહીં તેમણે મા ખોડલની આરતીનો લાભ લીધો અને આશીર્વાદ મેળવ્યા. આયોજકોએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ, મંત્રીએ નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પરસાણા ચોક ખાતે આયોજિત શ્રી ખોડલધામ નવરાત્રી મહોત્સવ નોર્થ ઝોનની મુલાકાત લીધી. અહીં આયોજકોએ તેમને ખોડલધામનો ખેસ અને મા ખોડલની છબી અર્પણ કરી સન્માનિત કર્યા. સંઘવીએ ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં કરવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થા અને ખેલૈયાઓ માટેની અન્ય સુવિધાઓની પ્રશંસા કરી હતી.



# લીલીયા મોટામાં ભૂગર્ભ ગટરનું કામ શરૂ ન થતાં સરપંચે DDOને પત્ર લખ્યો

## ૧૦ કરોડના પ્રોજેક્ટનું ટેન્ડર મંજૂર થવા છતાં કામ શરૂ ન થતાં લોકો ત્રાહિમામ

લીલીયા, તા.૦૯

લીલીયા મોટા ગામમાં ભૂગર્ભ ગટરનું કામ હજુ સુધી શરૂ ન થતાં ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ વોરાએ જિલ્લા વિકાસ અધિકારી (DDO) અમરેલીને પત્ર લખીને ફરિયાદ કરી છે. સરપંચે પત્રમાં જણાવ્યું છે કે લગભગ ૧૦ કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટનું ટેન્ડર મંજૂર થઈ ગયું છે અને એજન્સીને ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ વર્કઓર્ડર પણ આપવામાં આવ્યો છે. આમ છતાં, આજ સુધી કોઈ પણ પ્રકારનું ગટર કામ શરૂ કરવામાં આવ્યું નથી. ગામમાં ગટરની સમસ્યાને કારણે લોકો હેરાન-પરેશાન થઈ ગયા છે. વળી, મચ્છરજન્ય રોગચાળો ફેલાવાની દહેશત પણ સેવાઈ રહી છે. દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે હજુ સુધી એક પણ પમ્પિંગ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યું નથી. એજન્સીનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું કે તેમને જરૂરી દસ્તાવેજો, પ્લાન અને એસ્ટીમેટ મળ્યા નથી. આ પરિસ્થિતિમાં સરપંચે DDOને વિનંતી કરી છે કે તાત્કાલિક પગલાં લઈને લીલીયાના લોકોને ન્યાય અપાવવામાં આવે.



## ડોળાસાના ગોંદરા ચોકમાં નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી



ડોળાસા, તા.૦૯

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ગોંદરા ચોક ગરબી મંડળ યોજિત નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. ગોંદરા ચોક ખાતે નવદુર્ગાની આરાધના સાથે બહેનો દ્વારા રાસ ગરબાની રમઝટ જામી હતી.

બનાવ શહેરમાં ટોક ઓફ ધ ટાઉન

# અમરેલીના લાઠી રોડ પર ફ્લેટમાં રાજકીય આગેવાનના શિક્ષિકા સાથે છાનગપતિયા !

## વિસ્તારવાસીઓએ બંનેને ઘરમાં પુરી તાળા મારી દીધા

અમરેલી,તા.૦૯

અમરેલી શહેરમાં નવરાત્રીનો માહોલ પૂરજોશમાં ચાલી રહ્યો છે. ખેલૈયાઓ મન મૂકીને રાસ રમી રહ્યાં છે ત્યારે શહેરમાં એક પરણિત રાજકીય આગેવાનનું મન બીજી જગ્યાએ રમી રહ્યુ હતું. રાજકીય આગેવાને શોરબકોર અને લોકોની ગેરહાજરીનો લાભ લઈ લાઠી રોડ પર એક ફ્લેટમાં રંગરેલીયાની આશામાં ઘુસ્યા હતા. જો કે આ ઘટનાની જાણ રહીશોને થઈ જતા રહીશોએ ઘરની બહાર તાળુ મારી દેતા રાજકીય આગેવાન છેક સવારે ઘરની બહાર નીકળ્યા હતા. અમરેલીના એક પરણિત રાજકીય આગેવાન નવરાત્રીના માહોલમાં વિસ્તારવાસીઓની ગેરહાજરીનો લાભ લઈ લાઠી રોડ પર એક ફ્લેટમાં શિક્ષિકા સાથે છાનગપતિયા કરવા પહોચ્યા હતા. શહેરમાં ખેલૈયા મન મૂકીને ગરબા રમતા હતા ત્યારે આ રાજકીય આગેવાન એક શિક્ષિકા સાથે ઘરમાં બેરોકટોક મોજમજા કરતા હતા. જો કે આ ઘટનાની જાણ આસપાસના રહીશોને થતા તેમણે આવી ઘટનાઓ રોકવા માટે પોલીસને જાણ કરી હતી પરંતુ નવરાત્રીનો સમય હોય અને પોલીસ પેટ્રોલીંગમાં હોવાથી પોલીસ આવી શકી નહોતી ત્યારે રહીશોએ જે ઘરમાં રાજકીય આગેવાન શિક્ષિકા સાથે પુરાયા હતા તે ઘરને જ બહારથી જ બંધ કરી દીધુ હતું.

જેથી રાજકીય આગેવાને બહાર નીકળવાના ઘણા ધમપછાડા કર્યા આખરે સવારે તેનો ઘરમાંથી છુટકારો થયો હતો. આ બાબતે કોઈ પોલીસ ફરિયાદ ન થતા રાજકીય આગેવાને પણ રાહતનો શ્વાસ લીધો હતો. પોતાના વિસ્તારમાં આવા કામ થતા હોય ત્યારે વિસ્તારવાસીઓએ સમયસૂચકતા વાપરી રાજકીય આગેવાન અને શિક્ષિકાને પરસેવો વાળી દીધો હતો. આ સમગ્ર ઘટના અમરેલી શહેરમાં આખો દિવસ ટોક ઓફ ધ ટાઉન બની હતી.

# સાવરકુંડલામાં ૮ મોબાઈલ ટાવર સીલ: નગરપાલિકાની કડક કાર્યવાહી

સાવરકુંડલા, તા.૦૯



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા નગરપાલિકાએ આજે સવારે ૧૦થી બપોરે ૩ વાગ્યા સુધીમાં શહેરમાં આવેલા ૮ મોબાઈલ ટાવરને સીલ મારીને કડક કાર્યવાહી કરી હતી. આ પગલું મોબાઈલ કંપનીઓ દ્વારા નગરપાલિકાને ચૂકવવાના થતા વેરાની રકમ ન ભરવાને કારણે લેવામાં આવ્યું હતું. સીલ કરાયેલા ટાવરોમાં ઈંદુજ કંપનીના ૪, ડોકોમો કંપનીના ૨ અને રિલાયન્સ કંપનીના ૨ ટાવરનો સમાવેશ થાય છે. આ ટાવરો પર કુલ ૧૯ લાખ ૮૦ હજાર રૂપિયાની માતબર રકમ બાકી હતી. જેમાં ઈંદુજ કંપનીના ૯.૮૯ લાખ, ટાટા ડોકોમોના ૪ લાખ અને રિલાયન્સના ૫ લાખ રૂપિયાનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીને પરિણામે સમગ્ર સાવરકુંડલા શહેરમાં મોબાઈલ નેટવર્ક અને કોલિંગમાં ગંભીર સમસ્યાઓ સર્જાઈ હતી, જેના કારણે સ્થાનિક રહીશો અને વેપારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. નગરપાલિકાના ચીફ ઓફિસર બોરડ, મનોજભાઈ ત્રિવેદી, હિતેશભાઈ રવાણી સહિતના સ્ટાફે આ સીલિંગ કાર્યવાહી હાથ ધરી હતી.

# ગાધકડા ગામમાં સર્વરોગ નિદાન કેમ્પનું સફળ આયોજન કરાયું

## તાલુકા પંચાયત પ્રમુખની ઉપસ્થિતિમાં ૨૮૭ લાભાર્થીઓએ લીધો લાભ

ગાધકડા, તા.૦૯



પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગાધકડા ખાતે એક વિશાળ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કે.કે. હોસ્પિટલ સાવરકુંડલાના નિષ્ણાત ડૉક્ટરોએ આ કેમ્પમાં સેવાઓ આપી હતી. જેમાં ગાયનેકોલોજિસ્ટ ડૉ. વિજય નાકરાણી, ચર્મરોગ નિષ્ણાત ડૉ. હિના અને દંતચિકિત્સક ડૉ. માલવિકાએ દર્દીઓની તપાસ કરી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. બલદાણીયા, ડૉ. રીપલ અને સુપરવાઈઝર ઉમેદભાઈ ચાંદુ સહિત PHC ગાધકડાની સમગ્ર આરોગ્ય ટીમે આ કેમ્પને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

# સા.કુંડલામાં શ્રીકૃષ્ણ ગૌશાળાએ બનાવેલ સમુદ્રમંથનના ફ્લોટે આકર્ષણ જમાવ્યું

સા.કુંડલા, તા.૦૯



સાવરકુંડલામાં દેવળા ગેઈટ પાસેની શ્રી કૃષ્ણ ગૌશાળા દ્વારા નવરાત્રીમાં સમુદ્રમંથન ફ્લોટથી લોકોમાં અનોખું આકર્ષણ ઊભું કરવામાં આવ્યું છે. ગૌશાળાના નિભાવના લાભાર્થે આ ફ્લોટ રજૂ કરવામાં આવેલ છે. આ ગૌશાળામાં છેલ્લા ૨૫ વર્ષથી વિકલાંગ, અંધ, બીમાર ગાયોને ખૂબ જ માવજત સાથે સાચવવામાં આવે છે. આ સંસ્થા દાતાના દાન આધારિત છે. આ સંસ્થા છેલ્લા પંદર વર્ષથી નવરાત્રી દરમિયાન આકર્ષક ફ્લોટ રજૂ કરી ગૌશાળા માટે લોકોનો આર્થિક સહયોગ પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે. સંસ્થાના પ્રમુખ રાજુભાઈ બોરીસાગર, બળવંતભાઈ મહેતા સહિતની ટીમ આ સંસ્થાના નિભાવ માટે સતત સંઘર્ષ કરે છે.

# જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સુજલામ સુફલામ જળ અભિયાનની બેઠક મળી

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લા સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર અને સુજલામ સુફલામ જળ અભિયાન જિલ્લા સમિતિના અધ્યક્ષ અજય દહિયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લામાં માસ્ટર પ્લાન-૦૧ અને માસ્ટર પ્લાન-૦૨ હેઠળ મંજૂરી મેળવેલા જળસંચયના વિવિધ કાર્યોની ચર્ચા કરવામાં આવી હતી. સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૪ અન્વયે જિલ્લામાં આશરે રુ.૪૨૭.૧૨ લાખના ખર્ચે ૧૫૫ કામો પૂર્ણ થયા છે. આ પૈકીના ૧૦૦ ટકા લોકભાગીદારી ધરાવતા રુ.૫૮.૪૬ લાખના ખર્ચે ૦૯ કામો, ૬૦-૪૦ ટકા લોકભાગીદારી ધરાવતા રુ.૨૩૭.૯૯ લાખના ખર્ચે ૭૩ કામો અને રુ. ૧૩૭.૫૬ લાખના ખર્ચે થનાર ૭૧ ખાતાકીય કામોનો સમાવેશ થાય છે. આ બેઠકમાં ૧૦૦ ટકા ખાતાકીય ખર્ચ દ્વારા અને ૬૦-૪૦ રેશિયોમાં ૬૦ ટકા લેખે સરકાર દ્વારા ચૂકવવાના થતાં ૧૪૪ કામોની રકમને જિલ્લા કક્ષાની સમિતિમાં મંજૂરી આપવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, સભ્ય સચિવ અને કાર્યપાલક ઈજનેર, સિંચાઈ, પંચાયત તેમજ વિવિધ કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ અને સભ્યોની ઉપસ્થિતિમાં બેઠકની કાર્યવાહીને બહાલી આપવામાં આવી હતી.

# લીલીયા મોટામાં હિન્દુ સંગઠનોએ વડોદરામાં સગીરા સાથે થયેલી દુષ્કર્મની ઘટનાને વખોડી

## મામલતદાર સમક્ષ આરોપીઓને ફાંસીની સજા આપવાની માગ કરાઇ

લીલીયા મોટા, તા.૦૯




લીલીયા મોટા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને વેપારીઓ દ્વારા મામલતદારને આવેદનશ્પત્ર પાઠવીને નવરાત્રીમાં વડોદરામાં સગીર હિન્દુ યુવતી પર વિધર્મીઓ દ્વારા ગેંગરેપની ઘટના સખત શબ્દોમાં વખોડવામાં આવી હતી. આવેદનપત્રમાં જણાવ્યું છે કે, આ ગેંગરેપની ઘટનાથી અમો ખૂબ દુઃખી છીએ. આવી ઘટનાઓ વારંવાર બનતી રહે છે અને કાયદાનો ડર ન હોય એ રીતે ગુનેગારો વર્તે છે. આથી મામલતદાર મારફતે મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સમક્ષ માગ કરવામાં આવી છે કે, આવા ગુનેગારોને ફાંસીની સજા આપવામાં આવે અને આરોપીઓ સામે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે, તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

**તાલુકાએકઝીકયુટીવમેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટસાહેબની-કોડીનારનીકોર્ટમાં**

નં.મરણ/ કેસ નં.૪૦/૨૦૨૪

**પ્રતિઃ**
શ્રી ડાઈબેન ખીમાભાઈ વાઢેળ ....અરજદાર
રે.વણકર વાસ, મું.કોડીનાર
વકીલશ્રી વી.એમ.રાઠોડ તથા જે.બી.પરમાર,રહે.મું.કોડીનાર,તા.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને ચીફ ઓફીસરશ્રી, તાલુકો-કોડીનાર,
જિલ્લો. ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોડીનાર ગામ/વિસ્તારના રહીશ **શ્રી ડાઈબેન ખીમાભાઈ વાઢેળ ના સાસુ સોનાબેન ચીનાભાઈ વાઢેળનું મરણ** તા.૨૦/૦૭/૧૯૮૫ ના રોજ કોડીનાર ખાતે મરણ થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર નગરપાલિકાના સને ૧૯૮૫ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૭/૧૦/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

સહિ
(એ.એમ.જોષી)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

કોર્ટનો સિક્કો

---

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી નં.૪૪/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી હમીદાબેન ઈસ્માઈલ જાડા
રહે.જમનવાડા, ગામ.જમનવાડા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**
વકીલશ્રી, વી.એ.ખખ્ખર તથા જે.બી.રાઠોડ, કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, જમનવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના જમનવાડા ગામના રહીશ શ્રી હમીદાબેન ઈસ્માઈલ જાડાનાં પતિશ્રી ઈસ્માઈલ રહેમતુલ્લા જાડાનું મરણ તારીખ ૧૧/૧૦/૨૦૦૪ ના રોજ કોડીનાર તાલુકાના જમનવાડા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના જમનવાડા ગામના સને ૨૦૦૪ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૧૦/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એ.એમ.જોષી)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

કોર્ટનો સિક્કો

---

**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી નં.૭૧/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી જીતુભાઈ મનુભાઈ જેઠવા,
રહે.આલીદર, ગામ.આલીદર,
તાલુકો-કોડીનાર જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**
વકીલશ્રી, પી.એસ.પંડયા, રહે. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, આલીદર તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના આલીદર ગામના રહીશ શ્રી જીતુભાઈ મનુભાઈ જેઠવા તથા રસીલાબેન જીતુભાઈ જેઠવાની પુત્રી રિધ્ધીબેન જીતુભાઈ જેઠવા નો જન્મ તા. ૨૩/૦૨/૨૦૦૭ ના રોજ કોડીનાર તાલુકાના આલીદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના આલીદર ગામના સને ૨૦૦૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૧૦/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એ.એમ.જોષી)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

કોર્ટનો સિક્કો

---

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૧૨૫/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** શ્રી આંકોલીયા કાંતાબેન મોહનભાઈ
રે. ખડકાળા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ખડકાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રીની પુત્રી દક્ષાબેન મોહનભાઈ આંકોલીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ મુ.ખડકાળા,તા.સાવરકુંડલા,જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન -૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

---

**મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૧૮૩/૨૦૨૪ તા.૨૪/૦૯/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** ૧.સુમિત્રાબેન વાઈફ ઓફ ભુપતભાઈ છગનભાઈ ચૌહાણ
રહે.વંડા, તા.સાવરકુંડલા જી.અમરેલી
વકીલશ્રી નીતા પી. સરવૈયા

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી વંડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી નયનાબેન ભુપતભાઈ ચૌહાણનો જન્મ તા.૦૧/૦૩/૧૯૮૭ના રોજ મુ.વંડા, તા.સાવરકુંડલા,જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૧૦/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે. આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમા જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું. આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે. કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**નોધઃ (૧) વર્ષઃ ૧૯૮૬ થી ૧૯૮૮ સુધીનું રેકર્ડ રજુ કરવું.**
આજ તા. ૨૪/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

# હરિયાણામાં સાવિત્રી જિંદાલ સહિત ત્રણેય અપક્ષ ધારાસભ્યો ભાજપને સમર્થન આપે તેવી સંભાવના

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

હરિયાણામાં ગઈકાલે વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. રાજ્યમાં કુલ ૯૦ વિધાનસભા બેઠકો છે. આ ૯૦ બેઠકોમાંથી ભાજપે એકલા હાથે ૪૮ બેઠકો જીતીને બહુમતી મેળવી હતી. રાજ્યમાં ત્રણ અપક્ષ ધારાસભ્યો પણ જીત્યા. આ અપક્ષ ધારાસભ્યોમાં પહેલું નામ સાવિત્રી જિંદાલનું છે. સાવિત્રી જિંદાલ ઉપરાંત



દેવેન્દ્ર કડિયાન અને રાજેશ જૂને પણ ચૂંટણી જીતી હતી. હવે આ ત્રણ અપક્ષ ધારાસભ્યો ભાજપને સમર્થન આપી શકે છે. આ માટે ત્રણેય ધારાસભ્યો દિલ્હીમાં ભાજપના ચૂંટણી પ્રભારી ધર્મેન્દ્ર પ્રધાન અને અન્ય વરિષ્ઠ નેતાઓને મળશે. તમને જણાવી દઈએ કે ૨૦૨૪માં યોજાયેલી હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક જીત હાંસલ કરી છે. ૯૦ વિધાનસભા બેઠકોમાંથી ૪૮ બેઠકો જીતીને, ભાજપે એકમાત્ર બહુમતી હાંસલ કરી છે અને સતત ત્રીજી વખત રાજ્યમાં તેની સરકાર બનાવવા જઈ રહી છે. બીજી તરફ છેલ્લા ૧૦ વર્ષથી સત્તાથી દૂર રહેલી કોંગ્રેસને આશા હતી કે આ વખતે રાજ્યમાં તેમની સરકાર બનશે પરંતુ આ વખતે પણ તેમણે રાહ જોવી પડશે.

# ડિસેમ્બર-૨૦૨૮ સુધી મફત ફોર્ટિફાઈડ ચોખાનો જથ્થો આપવામાં આવશે

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપી છે. તેમણે માહિતી આપી હતી કે આજે કેબિનેટે જુલાઈ, ૨૦૨૪ થી ડિસેમ્બર, ૨૦૨૮ સુધી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અને અન્ય



કલ્યાણકારી યોજનાઓ હેઠળ મફત ફોર્ટિફાઈડ ચોખાનો પુરવઠો ચાલુ રાખવાની મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે તેનાથી એનિમિયા અને સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઉણપ ઘટાડવાની અપેક્ષા છે, કુલ નાણાકીય ખર્ચ રૂ.૧૭,૦૮૨ કરોડ થશે અને કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦% ભંડોળ પૂરું પાડવામાં આવશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વધુમાં માહિતી આપી હતી કે, આજે કેબિનેટે ગુજરાતના લોથલમાં નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ

**ગુજરાતના લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ વિકસાવવાની મંજૂરી મળી**

વિકસાવવાની મંજૂરી આપી છે. દરખાસ્તનો ઉદ્દેશ સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસો પ્રદર્શિત કરવાનો અને વિશ્વના સૌથી મોટા મેરીટાઈમ હેરિટેજ સંકુલનું નિર્માણ કરવાનો છે.

# હરિયાણામાં સરકારની રચનાને લઈ નાયબસિંહ સૈનીએ પ્રધાનમંત્રી મોદી સાથે કરી મુલાકાત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯

હરિયાણામાં હાર અને જમ્મુ-કાશ્મીરમાં ખરાબ પ્રદર્શન બાદ તેના સહયોગી પક્ષો કોંગ્રેસ પર દબાણ બનાવી રહ્યા છે, જ્યારે હરિયાણામાં હેટ્રિક બાદ નવી સરકારની રચનાને લઈને ભાજપની છાવણીમાં હલચલ વધુ તેજ થઈ ગઈ છે. હરિયાણાના કાર્યવાહક મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની દિલ્હીમાં છે અને તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. બંને વચ્ચેની મુલાકાત વડાપ્રધાનના નિવાસસ્થાને થઈ હતી. બંને



નેતાઓ વચ્ચે લગભગ અડધા કલાક સુધી વાતચીત થઈ હતી. આ દરમિયાન પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા અને ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા. સીએમ સૈનીએ હરિયાણાની જીત પર વડાપ્રધાન મોદીનો આભાર માન્યો અને નવી સરકારની રચના અંગે ચર્ચા કરી.

# કાયદાકીય મુશ્કેલીમાં ફસાઈ અભિનેત્રી શિલ્પા શેટ્ટી, મુઝફ્ફરપુર કોર્ટમાં કેસ નોંધાયો

(એ.આર.એલ),મુઝફ્ફરપુર,તા.૯

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી ફરી એકવાર મુશ્કેલીમાં છે. તેની સામે મુઝફ્ફરપુર સીજેએમ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદ ચાર લોકો સામે કરવામાં આવી છે. આ મામલામાં સુનાવણી ૧૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ થશે. તેમના પર સામાન્ય લોકોની સુવિધામાં અવરોધ ઉભો કરવાનો આરોપ છે. શિલ્પા શેટ્ટીએ રવિવારે સાંજે કલ્યાણ જ્વેલરીની ઓપનિંગ સેરેમનીમાં હાજરી આપી હતી. કલામ બાગ ચોક પાસે શિલ્પા શેટ્ટી ગેસ્ટ તરીકે પહોંચી હતી. આવી સ્થિતિમાં રોડની બંને બાજુ ભારે ભીડ ઉભી થઈ ગઈ હતી. પરિણામે સામાન્ય લોકોને ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. ફરિયાદ દાખલ કરનાર એડવોકેટ સુધીર કુમાર ઓઝાએ જણાવ્યું હતું કે આવા ખાનગી



કાર્યક્રમને કારણે કલાકો સુધી રોડ પર ટ્રાફિક જામ રહેતો હતો. સામાન્ય લોકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તેણે અભિનેત્રીની સાથે ડીએમ સુબ્રત સેન, કલ્યાણ જ્વેલર્સના ટીએમ કલ્યાણ રમણ અને અન્ય સામે ફરિયાદ નોંધાવી છે. હવે આ કેસની સુનાવણી ૧૧ નવેમ્બરે થવાની છે. આ વર્ષે જૂનમાં પણ શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા કાયદાકીય મુશ્કેલીઓમાં ફસાયેલા જોવા મળ્યા હતા. બુલિયન વેપારીએ તેના પર છેતરપિંડીનો આરોપ લગાવીને કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

# અમેરિકામાં ચૂંટણીના દિવસે ભીડ પર હુમલો કરવાનું કાવતરું, અફઘાની વ્યક્તિની ધરપકડ

વોશિંગ્ટન, તા.૯

અમેરિકામાં ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશને દેશમાં ચૂંટણીના દિવસે હુમલાની યોજના ઘડવા બદલ એક અફઘાન વ્યક્તિની ધરપકડ કરી છે. અધિકારીઓનું કહેવું છે કે ધરપકડ કરાયેલ વ્યક્તિ આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટથી પ્રેરિત હતો અને અમેરિકામાં ચૂંટણીના દિવસે મોટી ભીડ પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યો હતો.

ઓક્લાહોમા સિટીના ૨૭ વર્ષીય નાસિર અહેમદ તૌહીદીએ તેની ધરપકડ બાદ તપાસકર્તાઓને જણાવ્યું હતું કે તેણે આવતા મહિને ચૂંટણીના દિવસે હુમલો કરવાની યોજના બનાવી હતી. તેણે સત્તાવાળાઓને એમ પણ કહ્યું કે તે અને તેના એક સાથી હુમલા પછી શહીદ તરીકે મૃત્યુ પામે તેવી અપેક્ષા હતી. અધિકારીઓએ જણાવ્યું કે નસીર અહેમદ તૌહીદી સપ્ટેમ્બર ૨૦૨૧માં યુનાઈટેડ સ્ટેટ્સ આવ્યો હતો અને તેણે હુમલાને અંજામ આપવા માટે તાજેતરના અઠવાડિયામાં કેટલાક પગલાં લીધા હતા.

# રાવણને વિદ્વાન અને ત્રિકાલદર્શી ગણાવી મધ્યપ્રદેશમાં રાવણદહનની પરંપરા રોકવા યુવા બ્રાહ્મણ સમાજની માંગ

(એ.આર.એલ),ઉજ્જૈન,તા.૯

દેશમાં દશેરાના દિવસે રાવણદહન કરવામાં આવે છે. આ દિવસ અનિષ્ટ પર સારાની જીત તરીકે ઉજવવામાં આવે છે. લોકો રાવણને દુષ્ટતાનું પ્રતિક માને છે અને તેના પૂતળાને બાળે છે. મધ્યપ્રદેશમાં અખિલ ભારતીય યુવા બ્રાહ્મણ સમાજે રાવણદહનની પરંપરા સામે વિરોધ વ્યક્ત કર્યો છે. રાવણને




વિદ્વાન અને ત્રિકાલદર્શી ગણાવી સમાજના લોકોએ રાજ્ય સરકાર પાસે રાવણદહન પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. સંસ્થાના અધિકારીઓનું કહેવું છે કે રાવણના પૂતળાને બાળીને બ્રાહ્મણોનું અપમાન કરવામાં આવે છે.

મહાકાલ મંદિરના પૂજારી અને અખિલ ભારતીય યુવા બ્રાહ્મણ સમાજના સંસ્થાપક પ્રમુખ મહેશ પૂજારીએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે રાવણ વિદ્વાન અને ત્રિકાલદર્શી હતો.

# અમદાવાદમાં ફરી એક વાર અનૈતિક સંબંધોના કારણે ખુની ખેલ ખેલાયો

(એ.આર.એલ),અમદાવાદ,તા.૯

ફરી એક વાર અનૈતિક સંબંધોના કારણે ખુની ખેલ ખેલાયો છે. અનૈતિક સંબંધના ઝઘડામાં એક યુવકની હત્યા થઈ છે. અમદાવાદના મેઘાણીનગરમાં મિત્રની મદદ કરવા ગયેલા યુવકની કરપીણ હત્યા કરવામાં આવી છે. સમગ્ર મામલામાં પોલીસે બે આરોપીની ધરપકડ કરીને તેમને જેલ હવાલે કર્યા છે. આરોપી મનીષ પટ્ટણી અને ગડુ પટ્ટણીએ મુકેશ પટ્ટણી નામના યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરી છે. ઘટનાની વાત કરીએ તો ૬ ઓક્ટોમ્બરનાં રોજ મેઘાણીનગર વિસ્તારમાં મનીષ પટ્ટણી અને તેના કુટુંબીજનોએ આકાશ પટ્ટણી નામના યુવક પર જુના ઝઘડાની અદાવતમાં હુમલો કર્યો હતો. આ ઘટનામાં આકાશ ઈજાગ્રસ્ત થતાં તેના બે મિત્રો મુકેશ પટ્ટણી અને રાહુલ પટ્ટણી આકાશને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા.

# ઈઝરાયેલે લેબનોનમાં હિઝબુલ્લાહના ભૂગર્ભ કમાન્ડ સેન્ટરો પર હવાઈ હુમલા કર્યા : ૫૦ આતંકીઓના મોત

(એ.આર.એલ),ગાઝા,તા.૯

ઈઝરાયેલી સેનાએ દક્ષિણ લેબનોનમાં ભારે હવાઈ હુમલા કર્યા છે. ઈઝરાયેલી સંરક્ષણ દળોએ લેબનોનમાં હિઝબુલ્લાહના ભૂગર્ભ કમાન્ડ સેન્ટરો પર અનેક હવાઈ હુમલાઓ કર્યા છે. ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી આ સૈન્ય કાર્યવાહીમાં ૫૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે.



માર્યા ગયેલા આતંકવાદીઓમાં હિઝબુલ્લાહના દક્ષિણ મોરચા અને રદવાન ફોર્સના ૬ વરિષ્ઠ કમાન્ડર પણ સામેલ છે. એટલું જ નહીં, ઈઝરાયેલની વાયુસેનાએ હિઝબુલ્લાહના નાસિર, બદર અને અઝીઝ યુનિટ પર પણ ભીષણ હુમલા કર્યા છે.


**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૮૦/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી ખમીસાભાઈ મામદભાઈ હાલેપોત્રા,
રહે.સાંઢણીધાર, ગામ. સાંઢણીધાર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ..................**અરજદાર**
વકીલશ્રી, એન.એમ.જાદવ, રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સાંઢણીધાર
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ................**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **સાંઢણીધાર** ગામના રહીશ **શ્રી ખમીસાભાઈ મામદભાઈ હાલેપોત્રા તથા શ્રી અમિનાબેન ખમીસાભાઈ હાલેપોત્રા** નો પુત્ર **સાજીદભાઈ ખમીસાભાઈ હાલેપોત્રા** નો જન્મ તા.૨૫/૧૨/૨૦૦૫ માં કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામના સને.૨૦૦૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૭/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એ.એમ.જોષી)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર**

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૮૧/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી રામભાઈ ટપુભાઈ ડાભી,
રહે.સુગાળા, ગામ.સુગાળા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ..................**અરજદાર**
વકીલશ્રી, એન.એમ.જાદવ, રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સુગાળા
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ................**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **સુગાળા** ગામના રહીશ **શ્રી રામભાઈ ટપુભાઈ ડાભી તથા શ્રી શાંતુબેન રામભાઈ ડાભી** ની પુત્રી **શ્રી કોમલબેન રામભાઈ ડાભી** નો જન્મ તા.૦૯/૦૯/૨૦૦૯ માં કોડીનાર તાલુકાના સુગાળા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના સુગાળા ગામના સને. ૨૦૦૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૭/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એ.એમ.જોષી)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર**

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૮૪/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી પરબતભાઈ નારણભાઈ ચૌહાણ,
રહે.દેવલપુર, ગામ. દેવલપુર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ..................**અરજદાર**
વકીલશ્રી, એન.એમ.જાદવ, રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, દેવલપુર
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ................**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **દેવલપુર** ગામના રહીશ **નારણભાઈ પીઠાભાઈ ચૌહાણ તથા મિણાબેન નારણભાઈ ચૌહાણ** ની પુત્રી **કડવીબેન ઉર્ફે કિરણબેન નારણભાઈ ચૌહાણ** નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૭ માં કોડીનાર તાલુકાના દેવલપુર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના દેવલપુર ગામના સને.૧૯૭૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૭/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એ.એમ.જોષી)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર**

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૮૫/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી કાળાભાઈ જીવાભાઈ રામ,
રહે. મોટી ફાફણી, ગામ. મોટી ફાફણી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ..................**અરજદાર**
વકીલશ્રી, એન.એમ.જાદવ, રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મોટી ફાફણી
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ................**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **મોટી ફાફણી** ગામના રહીશ **જીવાભાઈ રામસીભાઈ રામ તથા વેનીબેન જીવાભાઈ રામ** નો પુત્ર **રામભાઈ જીવાભાઈ રામ** નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૫ માં કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામના સને.૧૯૭૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૭/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એ.એમ.જોષી)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર**

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૭૬/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી બટુકભાઈ પ્રેમજીભાઈ પરમાર,
રહે. અંબીકા ભોજનાલય, બેંક ઓફ બરોડાની બાજુમાં, પંચવટી રોડ, મુ. દિવ .......**અરજદાર**
વકીલશ્રી, એન.એમ.જાદવ, રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, અડવી
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ................**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, **દિવ** ના રહીશ **શ્રી બટુકભાઈ પ્રેમજીભાઈ પરમાર તથા શ્રી નિમુબેન બટુકભાઈ પરમાર** ના પુત્ર **શ્રી મહેશકુમાર બટુકભાઈ પરમાર** નો જન્મ તા.૧૫/૦૧/૧૯૯૦ ના રોજ કોડીનાર તાલુકાના અડવી ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના અડવી ગામના સને.૧૯૯૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૫/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એ.એમ.જોષી)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર**

**///- તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૩૮/૨૦૨૪

પ્રતિ
શ્રી હરજીભાઈ સીદીભાઈ ભેડા
રહે.દેવલપુર, ગામ- દેવલપુર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, જે.બી.રાઠોડ, કોડીનાર
...**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, દેવલપુર,
તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ ....**સામાવાળા**

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામા આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **દેવલપુર** ગામના રહીશ **શ્રી હરજીભાઈ સીદીભાઈ ભેડા ના પિતાશ્રી સીદીભાઈ ઉગાભાઈ ભેડા નું** મરણ તારીખ **તા.૦૧/૦૬/૧૯૮૨** ના રોજ કોડીનાર તાલુકાના **દેવલપુર** ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના દેવલપુર ગામના સને **૧૯૮૨** ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૭/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એ.એમ.જોષી)**
**તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર**

**///- તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૩૫/૨૦૨૪

પ્રતિ
શ્રી ભાયાભાઈ ભગવાનભાઈ ચુડાસમા
રહે. પાંચ પીપળવા, ગામ- પાંચ પીપળવા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એમ.જાદવ, રહે.કોડીનાર
...**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
પાંચ પીપળવા, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ ...**સામાવાળા**

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામા આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **પાંચ પીપળવા** ગામના રહીશ **શ્રી ભાયાભાઈ ભગવાનભાઈ ચુડાસમા ના પિતા ભગવાનભાઈ પરબતભાઈ ચુડાસમાનું** મરણ તારીખ **તા.૨૬/૦૨/૧૯૮૭** ના રોજ કોડીનાર તાલુકાના **પાંચ પીપળવા** ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના પાંચ પીપળવા ગામના સને **૧૯૮૭** ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૫/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(એ.એમ.જોષી)**
**તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં**

નં.જન્મ/ કેસ/ રજી.નં.૮૩/૨૦૨૪

**પ્રતિઃ**
શ્રી મણીબેન વા/ઓ વીરાભાઈ ચારણીયા ....અરજદાર
રહે.મુળદ્વારકા, ગામ- .મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો -ગીર સોમનાથ
વકીલશ્રી વી.એમ.રાઠોડ તથા જે.બી.પરમાર તથા સી.ડી. સોલંકી રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી -કમ-મત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી, કોટડા,વેલણ
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ **લખમણ તથા ઉનાબાના પુત્ર લાલજી લખમણનો જન્મ** તા.૧૦/૦૬/૧૯૭૨ માં કોડીનાર તાલુકાના કોટડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના કોટડા ગામના સને ૧૯૭૨ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૭/૧૦/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

કોર્ટનો સિક્કો

**સહિ**
**(એ.એમ.જોષી)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# અમરેલીના રાજસ્થળી નજીક ખાણ-ખનીજના કર્મચારી પર હુમલો

## કર્મચારીએ હુમલો કરનાર લોકો સામે ફરિયાદ નોંધાવી

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં તંત્રની મીઠી નજર નીચે બેરોકટોક રેતીચોરી થઈ રહી છે. જો કે રેતીચોરી કરનારાઓને ખાણ-ખનીજ વિભાગના ચાર હાથ માથે હોવાથી આખુ કૌભાંડ આચરવામાં આવતુ હોય તેવા આક્ષેપો કરવામાં આવી રહ્યાં હતા. જો કે હવે આવા તત્વોને તંત્ર છાવરતું હોય ત્યારે અમુક લોકોએ હવે ખાણ-ખનીજના કર્મચારી પર હુમલો કરી દેતા ચકચાર મચી જવા પામી છે. અમરેલીના રાજસ્થળી નજીક ખાણખનીજ વિભાગના કર્મચારીએ રેતીનું એક ડમ્પર અટકાવી તપાસ કરતા કેટલાક લોકોએ ઘટનાસ્થળે આવી મારામારી કરતા કર્મચારીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અમરેલી ખાણખનીજ વિભાગમાં નોકરી કરતા મુકેશ જોશીએ આજે સવારના સમયે રાજસ્થળી નજીકથી પસાર થતા રેતી ભરેલા ડમ્પરને રોકી તપાસ હાથ ધરી હતી. જેથી કેટલાક લોકો ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા અને મુકેશ જોશી સાથે મારામારી કરી મોબાઈલ તોડી નાખ્યો હતો. મુકેશ જોશીને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.



### ખેડૂતોની ફરિયાદ ધ્યાને લેવાતી નથી

જિલ્લામાં શેત્રુંજી નદી આવેલી હોય ત્યારે નદી પાસેથી ખેડૂતોને જવાનો રસ્તો હોવાથી રેતમાફિયાઓ બેફામ રેતીચોરી કરી ડમ્પર ચલાવી મસમોટા ખાડાઓ પાડી દેતા હોય ત્યારે ખેડૂતોએ ખાણ-ખનીજ વિભાગને અનેકવાર ફરિયાદો કરી હતી પરંતુ ખાણ-ખનીજ વિભાગ દ્વારા આવા તત્વોને છાવરતું હોય તેમ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નહોતી. આમ, રેતમાફિયાઓને પ્રોત્સાહન દેનાર ખાણ-ખનીજના કર્મચારી પર જ હુમલો કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

# મુન્દ્રા પોર્ટની ૨૫ વર્ષની વિકાસયાત્રાના ભાગરૂપે ટપાલ ટિકિટનું અનાવરણ કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૦૯

દેશના મહત્વના વ્યાપારી બંદર તરીકે મુન્દ્રાની સામાન્ય જેટીથી વૈશ્વિક શિપિંગ હબ સુધીની વિકાસયાત્રાને દર્શાવતી સ્મારક ટપાલ ટિકિટ "પ્રગતિના ૨૫ વર્ષ - મુન્દ્રા પોર્ટ" શીર્ષક સાથે પ્રસ્તુત કરવામાં આવી છે. ઈન્ડિયા પોસ્ટ દ્વારા જાહેર કરાયેલ આ સ્મારક સ્ટેમ્પનું શીર્ષક "પ્રગતિના ૨૫ વર્ષ - મુન્દ્રા પોર્ટ" છે અને ૧૨ સ્ટેમ્પ ધરાવતી સ્ટેમ્પની શીટ ઈન્ડિયા પોસ્ટ દ્વારા APSEZ સાથે મળીને તૈયાર કરવામાં આવી છે. હૈદરાબાદના સિક્યોરિટી પ્રિન્ટિંગ પ્રેસમાં કુલ ૬૦,૦૦૦ સ્ટેમ્પ સાથે ૫,૦૦૦ સ્ટેમ્પ શીટ્સ છાપવામાં આવી છે. એટલું જ નહિ, સ્ટેમ્પ શીટની નકલ નવી દિલ્હીના નેશનલ ફિલાટેલિક મ્યુઝિયમમાં પણ કાયમી ધોરણે પ્રદર્શિત કરવામાં આવશે.



# જૂનાગઢમાં લુખ્ખાઓનો આતંક, દાંડિયા રાસ રમવા નીકળેલા યુવક યુવતીને આંતરી લૂંટ ચલાવી

જૂનાગઢ,તા.૦૯

જૂનાગઢમાં હાલ માતાજીના નવલા નોરતાની સાથે સાથે ડિસ્કો દાંડિયાની મોસમ પણ ખીલી છે. યુવકો અને યુવતીઓ હાલ આ મોસમની પુરબહારમાં મજા માણી રહ્યા છે. ધર્મની સાથે આનંદ ઉલ્લાસનાં આ પર્વમાં હવે પશ્ચિમી સંસ્કૃતિ પણ હિલોળે ચડે છે અને આ બધાની સાથે અસામાજિક પ્રવૃત્તિ આચરનારાઓ પણ સક્રિય થયા છે. ગતરાત્રિના ત્રણ લુખ્ખાઓએ યુવક યુવતીને રસ્તામાં આંતરી લૂંટ ચલાવી હતી અને અન્ય કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલા દૂરથી આવતી પોલીસની પીસીઆરને જોઈ આવારા તત્વો પોબારા ભણી ગયા હતા.



# વિધર્મી પ્રોફેસર દ્વારા છેડતીના મામલે સા.કુંડલા કાણકીયા કોલેજના પ્રિન્સીપાલ સમક્ષ ઉગ્ર રજૂઆત

## પ્રિન્સીપાલે ૧૧ વાગ્યા સુધીનો સમય માંગ્યો

અમરેલી,તા.૦૯

સાવરકુંડલામાં થોડા દિવસ પહેલા એક વિધર્મી પ્રોફેસર વિદ્યાર્થિનીઓને લઈ રમત-ગમત માટે ગયા હતા. જો કે આ વિધર્મી પ્રોફેસરે ચાલુ ગાડીમાં જ વિદ્યાર્થિની સાથે છેડતી કરતો હોય તેવા વીડિયો વાયરલ થતા પ્રિન્સીપાલે વિધર્મી પ્રોફેસર અને વિધર્મી છાત્રને કોલેજમાંથી સસ્પેન્ડ કરી દીધા હતા. વિધર્મી પ્રોફેસર સામે પોલીસ ફરિયાદ ન થતા વિવિધ સંસ્થાઓના આગેવાનોએ પ્રિન્સીપાલની ઓફિસે જઈ ઉગ્ર રજૂઆત કરી હતી. સમગ્ર કોલેજના વિદ્યાર્થીઓની જવાબદારી જેના શીરે છે તે પ્રિન્સીપાલ વિધર્મી પ્રોફેસરને છાવરવાના પ્રયાસ કરી રહ્યા હોય ત્યારે પોલીસ ફરિયાદ કરવાની માંગ કરવામાં આવતા પ્રિન્સીપાલે ફરિયાદ બાબતે આજે ૧૧ વાગ્યા સુધીનો સમય માંગ્યો છે. જો ફરિયાદ દાખલ નહી થાય તો નવા-જૂનીના એંધાણ દેખાઈ રહ્યાં છે.



# રાજય સરકારની મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલના તબીબી શિક્ષકોના માસિક વેતનમાં વધારો



ગાંધીનગર,તા.૦૯

રાજય સરકારે રાજય સરકારની મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલમાં ૧૧ માસના કરાર આધારિત ફરજ બજાવતા તબીબી શિક્ષકોના માસિક વેતનમાં ૩૦ થી ૫૫% સુધીનો વધારો કર્યો છે. આ નિર્ણય ૯ ઓક્ટોબરથી લાગુ થશે. ખાનગી પ્રેક્ટિસ સિવાયના વર્ગ-૧ અને વર્ગ-૨ના તબીબી શિક્ષકોને પગારવધારાનો લાભ મળશે. આ અંગે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે રાજ્યના પ્રત્યેક નાગરિકને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવા અને મેડિકલ વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ એ જ સરકારની પ્રાથમિકતા છે. રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત ૧૧ માસના કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં ૩૦થી ૫૫% સુધીનો વધારો કરવાનો હિતકારી નિર્ણય કરવામાં આવ્યો છે. વધુ વિગતો આપતાં તેમણે કહ્યું હતું કે તબીબી શિક્ષકોના માસિક વેતનમાં થયેલા નોંધપાત્ર વધારાને પરિણામે હોસ્પિટલમાં તબીબો અને શિક્ષકોની ઘટ નિવારવામાં મદદ મળશે. સરકારી મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં ખાનગી પ્રેક્ટિસ સિવાય ફરજ બજાવતા તબીબી શિક્ષકોને માસિક વેતનમાં થયેલા નોંધપાત્ર વધારાનો લાભ મળશે.

**તબીબી શિક્ષકોના માસિક વેતનમાં ૩૦ થી ૫૫% સુધીનો વધારો**

# ધારી ખાતે કોંગ્રેસના નેતાઓ આક્રમક : ઈકો ઝોનને લઈ સરકાર પર પ્રહારો

ધારી, તા.૦૯

સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લાના લગભગ ૧૯૬ જેટલા ગામોમાં લાગુ થનાર ઈકો સેન્સેટીવ ઝોન મુદ્દે હવે વિરોધનો વંટોળ ઉઠયો છે. અમરેલીના ધારી ખાતે આજે આ મુદ્દે કોંગ્રેસ દ્વારા એક સંવાદ કાર્યક્રમ યોજાયો હતો જેમાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અસરગ્રસ્ત ગામોના ખેડૂતો પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. અમરેલી, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના લગભગ ૧૯૬ ગામોનો ઈકો સેન્સેટીવ ઝોનમાં સમાવેશ કરવાનું જાહેરનામુ પ્રસિદ્ધ થયા બાદ હવે ખેડૂતો રોષે ભરાયા છે. આજે અમરેલીના ધારી ખાતે કોંગ્રેસ દ્વારા ખેડૂતો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોંગ્રેસના આગેવાનો શક્તિસિંહ ગોહિલ, પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દુધાત, પાલ આંબલીયા સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ઈકો સેન્સેટીવ ઝોન વિરુદ્ધ લડતની રણનીતિ તૈયાર કરવામાં આવી હતી. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે જનતા પર જંગલ રાજ થોપવાનો આ પ્રયાસ છે. સાથે જ તેમણે કહ્યું કે આ વિસ્તારમાં ખેડૂતો, ખેતમજૂરો, માલધારીઓ સિંહોનું સંવર્ધન કરે છે અને એટલે જ સિંહોની સંખ્યા એક હજારને પાર થઈ છે. આવા સંજોગોમાં આવા કાયદાની જરૂર નથી. આ કાયદો માત્ર ખેડૂતોને પરેશાન કરવા માટે જ છે. ઈકો સેન્સેટીવ ઝોન હટાવવા મુદ્દે આજે ધારી ખાતે મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે આગામી દિવસોમાં ઈકો સેન્સેટીવ ઝોનથી અસરગ્રસ્ત ગામોમાં મતદાન કરાવવાની જાહેરાત કરી હતી અને આ મુદ્દે સરકાર સામે લડી લેવાનો હુંકાર પણ કર્યો હતો. ઈકો સેન્સેટીવ ઝોન એ ખેડૂતો માટે કાળો કાયદો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. તો બીજી તરફ સરકાર અને વનવિભાગ દ્વારા આ કાયદો ખેડૂતો માટે નુકસાનકારક નહી હોવાનું રટણ થઈ રહ્યુ છે.





# ગુજરાત શર્મસાર : વડોદરા બાદ હવે સુરતમાં સગીરા સાથે સામૂહિક દુષ્કર્મ

સુરત,તા.૦૯

નવરાત્રીમાં નરાધમોનો આતંક જોવા મળ્યો છે. વડોદરામાં સગીરા સાથે ગેંગરેપની ઘટના હજી તાજી જ છે, ત્યાં સુરતમાં વધુ એક સગીરા સાથે દુષ્કર્મ થયું છે. વડોદરા જેવી જ પેટર્નથી સુરતની સગીરાને નરાધમોએ શિકાર બનાવી છે. ત્યારે લાગે છે કે, મા આદ્યશક્તિના પર્વમાં જ્યાં દીકરીઓને પૂજવામાં આવે છે, ત્યાં જ ગુજરાતની દીકરીઓ સલામત નથી. સુરતમાં મિત્ર સાથે જઈ રહેલી સગીરા સાથે અજાણ્યા લોકોએ દુષ્કર્મ આચર્યુ. રાજ્યમાં ફરી એકવાર ગેંગરેપની ઘટના સામે આવી છે. સુરત જિલ્લાના મોટા બોરસરા ગામ નજીક સામૂહિક દુષ્કર્મની ઘટના બની છે. પ્રાથમિક માહિતી અનુસાર સગીરા તેના મિત્ર સાથે જઇ રહી હતી ત્યારે તેની સાથે દુષ્કર્મ થયું હતું. સગીરા મિત્ર સાથે હતી તે સમય દરમ્યાન અવાવરું જગ્યાએ ત્રણ જેટલા નરાધમો આવી પહોંચ્યા હતા અને સગીરાના મિત્રને માર માર્યો હતો.
















